**તેજી હોય કે પછી મંદી**
બજાર તરફનો સાચો દ્રષ્ટિકોણ ઉજાગર કરી, નાના રોકાણકારોના હિતને ધ્યાનમાં રાખી,આધુનિક આર્થિક પ્રવાહો તેમ જ શેર, કોમોડીટી, ફોરેક્ષ વગેરે બજારોની ચાલને તાદશ્ય રજૂ કરી, દેશના ખૂણે ખૂણેથી આવેલ નિષ્ણાતોની સોનેરી સલાહ સાથે અમદાવાદથી પ્રકાશિત થતું, આર્થિક સાપ્તાહિક
ધી **ઇકોનોમિક રેવલ્યૂશન**
**ગુજરાતી તેમ જ અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ**
વધુ માહિતિ માટે વિઝીટ કરો :
web : www.theeconomicrevolution.in
email : theeconomicrevolution@yahoo.co.in
(M) 9825065387 contact : Narendra Joshi

Nirmal Metro Daily, Ahmedabad

પાનાં ૪, કિંમત રૂ. ૧.૦૦

અમદાવાદથી પ્રકાશિત થતું, પ્રજાના પ્રાણ પ્રશ્નોને વાચા આપતું , અન્યાય સામે અવાજ ઉઠાવતું ક્રાન્તિકારી નિડર ગુજરાતી દૈનિક

RNI NO. GUJGUJ/2012/48123

# નિર્મલ મેટ્રો

તંત્રી : નરેન્દ્ર જી. જોષી
email : nirmalmetro@yahoo.com
website: www.nirmalmetro.com

NIRMAL METRO

Monday
06.02.2023
Year 11, Issue 36

દૈનિક

● વર્ષ : ૧૧ ● અંક : ૩૬ ● તા.૦૬.૦૨.૨૦૨૩ ● સોમવાર ● સહતંત્રી : દેવલક્ષ્મી જોષી ● કાર્યાલય : એચ ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, જય મંગલ બીઆરટીએસ બસ સ્ટોપ સામે, ૧૩૨' રીંગ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મો. : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

● Year : 11 ● Issue : 36 ● Date : 06.02-2023 ● Monday ● Editor : NARENDRA G. JOSHI ● Page - 4 ● Price : Rs. 1/- ● Annual Sub - 300.
Regd. Office : H-115/991, Nirmal Appartments, Opp. Jaymangal BRTS Bus Stop, 132' Ring Road, Naranpura, AHMEDABAD-380 063. ● Mo. 98250 65387

### આરોપી પાસેથી બે હેન્ડગ્રેનેડ, મોબાઈલ અને રોકડા રૂપિયા મળ્યા

# NIAએ ત્રણ શંકાસ્પદ આતંકીઓની ધરપકડ કરી

## આતંકવાદી હુમલાઓ અને લોન વોલ્ફ અટેક્સ કરવા માટે યુવાનોની ભરતી કરનારા ત્રણ શંકાસ્પદ આતંકવાદીઓ વિરુદ્ધ એફઆરઆઈ કરવામાં આવી

એજન્સી દ્વારા

હૈદરાબાદ, તા.૫

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA) હૈદરાબાદ યુનિટે રવિવારે લશ્કર-એ-તૈયબા અને પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISIની સૂચનાઓ પર આતંકવાદી હુમલાઓ અને લોન વોલ્ફ અટેક્સ કરવા માટે યુવાનોની ભરતી કરનારા ત્રણ શંકાસ્પદ આતંકવાદીઓ વિરુદ્ધ એફઆરઆઈ જારી કરી છે.

ત્રણેય હૈદરાબાદીઓ વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જેમાં માલકપેટના મુસારામ બાગમાં રહેતા ઝાહેદ ઉર્ફે મોહમ્મદ અબ્દુલ જાહિર ઉર્ફે મોહમ્મદ વાજીદ, મેહદીપટ્ટનમના હુમાયુનગરમાં આવેલા રોયલ કોલોનીમાં રહેતા માજ હાસન ફારુક ઉર્ફે માજ અને હૈદરાબાદના સઈદાબાદના



અકબરભાગમાં રહેતા સમીમુદ્દીન ઉર્ફે સામી વિરુદ્ધ કેસ નોંધ્યો હતો.

NIAએ હૈદરાબાદ શહેર પોલીસ પાસેથી તપાસ પોતાના હાથમાં લીધી છે. સેન્ટ્રલ ક્રાઈમ સ્ટેશનની હૈદરાબાદ સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમના પોલીસ ઈન્સ્પેક્ટર સીએચ નરેન્દ્ર રાવે ફરિયાદ નોંધાવી હતી.

NIAનો આરોપ છે કે, કેન્દ્ર સરકારને માહિતી મળી છે કે હૈદરાબાદમાં આતંકવાદ સંબંધિત અનેક કેસમાં આરોપી ઝાહેદ નામના એક વ્યક્તિએ પાડોશી દેશ સ્થિત હેન્ડલર્સ કે જે LeT અને ISI સાથે જોડાયેલો છે, તેના નિર્દેશ પર માઝ, સમીઉદ્દીન અને અન્ય નામના ઘણા યુવાનોની ભરતી કરી હતી.

પાકિસ્તાન સ્થિત હેન્ડલર્સની સૂચના મુજબ, ઝાહેદે તેની ગેંગના સભ્યો સાથે સામાન્ય લોકોનાં મનમાં આતંક ફેલાવવા માટે હૈદરાબાદમાં બ્લાસ્ટ અને લોન વોલ્ફ અટેક સહિતના આતંકવાદી કૃત્યો કરવા માટે કાવતરુ ઘડ્યું હતું.

NIAનો આરોપ છે કે, ઝાહેદને તેના પાડોશી દેશ આધારિત હેન્ડલર્સ પાસેથી હેન્ડ ગ્રેનેડ મળ્યા હતા અને સાંપ્રદાયિક તણાવ પેદા કરવા માટે જાહેર મેળાવડા, સરઘસ પર ફેંકવાની યોજના બનાવી રહ્યો હતો. ૧ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ હૈદરાબાદના પીએસ સેન્ટ્રલ ક્રાઈમ સ્ટેશન સાથે ગેરકાનૂની પ્રવૃતિઓ નિવારણ અધિનિયમ હેઠળ નોંધાયેલી એફઆઈઆર પહેલેથી જ જારી કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન, પોલીસે ઝાહેદના ઘરમાંથી બે હેન્ડ ગ્રેનેડ, બે મોબાઈલ ફોન અને રુપિયા ૩.૯ લાખ રોકડા જપ્ત કર્યા હતા. કેન્દ્ર સરકાર માને છે કે એઆઈએ એક્ટ, ૨૦૦૮ હેઠળ અનુસૂચિત ગુનો કરવામાં આવ્યો છે અને ગુનાની ગંભીરતા તેના આંતર રાજ્ય તથા આંતરરાષ્ટ્રીય જોડાણોને કારણે એનઆઈએ દ્વારા તેની તપાસ કરવાની જરુર છે. ઉપરાંત ગૃહ મંત્રાલયે ગઈ ૨૫ જાન્યુઆરીએ એનઆઈએને કેસ હાથમાં લેવા માટે આદેશો જારી કર્યા હતા.

---

ઉત્તર પ્રદેશના પીલીભીતમાંથી લગ્નનો એક અનોખો કિસ્સો સામે આવ્યો છે. અહીં એક વરરાજો તૈયાર થવા માટે સૈલૂનમાં ગયો હતો. પણ જલ્દી પરત ફર્યો નહીં. તેને ઘણાં ફોન કર્યા, શોધખોળ પણ કરી. પણ તેનો ક્યાંય પત્તો લાગ્યો નહીં. ત્યારે આવા સમયે તેના નાના ભાઈને વરરાજો બનાવી પરણાવી દેવામાં આવ્યો હતો. રિપોટ્ર્સમાં દાવો કરવામાં આવ્યો છે કે, યુવક કોઈ અન્ય છોકરી સાથે પ્રેમ કરતો હતો એટલા માટે તે આ લગ્ન કરવા માગતો નહોતો. જાન બિલસંડાના એક ગામથી બરેલીના ફતેહગંજ જવાની હતી.

લગ્નની તમામ તૈયારીઓ થઈ ચુકી હતી. બધા જાન લઈને જવા તૈયાર થયા હતા. પણ વરરાજો વાળ-દાઢી અને ચહેરાનું ફેશિયલ કરાવાના નામ પર ઘરેથી નીકળી ગયો. જ્યારે સવારથી બપોર થયો તો પણ તે ઘરે પરત ન ફર્યો, તો બધાં ચિંતામાં આવી



ગયા. તેને ફોન કરવા લાગ્યા. મોબાઈલ સ્વિચ ઓફ આવ્યો. રાતના ૯ વાગી ચુક્યા. વરરાજો ગુમ હોવાની સૂચના કન્યા પક્ષને પણ થઈ ગઈ. જે બાદ બંને વચ્ચે વાતચીત કરીને વચ્ચેનો રસ્તો શોધી કાઢ્યો. વરરાજાના નાના ભાઈને વર બનાવાનો નિર્ણય લેવાયો. તેના પર દુલ્હન પણ રાજી થઈ ગઈ. જેવી રીતે નક્કી થયું હતું તેવી રીતે આ લગ્ન પાર પડ્યા, પણ વરરાજો બદલાઈ ગયો હતો.

આ મામલામાં છોકરી પક્ષનું કહેવું છે કે, જો વરરાજાને જવું જ હતું તો પછી સગાઈના દિવસે જ જતું રહેવું હતું. જાનના દિવસે જ શા માટે. આ બાજૂ પિતા દીકરાને લઈને ખૂબ ચિંતામાં છે. તેમણે તો પોલીસને પણ સૂચના આપી દીધી છે. ત્યાર બાદ ગુમ થયેલા વરરાજાનો ફોન સર્વિલાંસ પર રાખ્યો છે.

---

### નાની બોટમાં ઈંગ્લિશ ચેનલ પાર કરાવાય છે

## UKમાં ભારતીયોની ગેરકાયદે ઘુસણખોરીમાં થયેલો વધારો

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા.૫

અમેરિકા અને કેનેડામાં ભારતીયોની ગેરકાયદે ઘુસણખોરી વધી રહી છે, તેવી જ રીતે UK પણ ઘુસણખોરોની નજરમાં સ્વર્ગ છે. એક અહેવાલ પ્રમાણે UKમાં જેટલા લોકો ગેરકાયદે પ્રવેશ કરે છે તેમાં ભારતીયો ત્રીજા ક્રમે છે. સિરિયા અને અફઘાનિસ્તાનના લોકો પછી યુકેમાં ઈંગ્લિશ ચેનલ પાર કરીને ગેરકાયદે ઘુસણખોરી કરવામાં ભારતીયો આગળ છે. નાની બોટમાં બેસીને ઈંગ્લિશ ચેનલ પાર કરી યુકેમાં ઘુસવાનો રસ્તો બહુ જોખમી છે. તેમાં ઘણા લોકોના મોત પણ નિપજ્યા છે. સિરિયા અને અફઘાન નિરાશ્રીતો પોતાના દેશમાં યુદ્ધથી બચવા માટે આ જોખમી માર્ગ અપનાવે છે. પરંતુ ભારત જેવા દેશના લોકો પણ તેમાં પાછળ નથી. ઈંગ્લેન્ડના 'ધ ટાઈમ્સ' અખબારના અહેવાલ પ્રમાણે ભારતીય વિદ્યાર્થીઓ નિયમોમાં એક લૂપહોલ (છીંડા)નો ઉપયોગ કરીને યુકેમાં પ્રવેશે છે. તેના મુજબ આશરો શોધનારા લોકો આંતરરાષ્ટ્રીય ફીના બદલે ડોમેસ્ટિક ફીમાં ભણીને ઘણા નાણાં બચાવે છે. ચાલુ વર્ષમાં લગભગ ૨૫૦ ભારતીય ઈમિગ્રન્ટ્સ નાની બોટમાં ઈંગ્લિશ ચેનલ પાર કરીને આવ્યા છે અને જોખમમાંથી માંડ માંડ બચ્યા છે. ગયા વર્ષે ૨૩૮ ભારતીયોએ આ રીતે ચેનલ પાર કરી હતી.

ભારતીયોને સર્બિયા ટ્રાવેલ કરવું હોય તો તેના માટે વિઝા ફ્રી ટ્રાવેલના નિયમો છે. તેનો કેટલાક ભારતીયો ફાયદો ઉઠાવે છે અને યુરોપમાં પ્રવેશવા માટે ઉપયોગ કરે છે. ગયા વર્ષ સુધી ભારતીય પાસપોર્ટ ધારકો વિઝા વગર સર્બિયામાં ૩૦ દિવસ સુધી એન્ટર કરી શકતા હતા. ત્યાર પછી પહેલી જાન્યુઆરીથી સર્બિયાએ આ છૂટછાટ બંધ કરી દીધી અને ઈયુની વિઝા પોલીસી અપનાવી. તેના કારણે ભારતીયો યુરોપિયન યુનિયન સુધી પહોંચીને પછી નાની બોટમાં યુકેમાં ઘુસણખોરી કરવા લાગ્યા છે.

ગયા વર્ષે નવેમ્બરમાં પ્રકાશિત થયેલા અહેવાલ પ્રમાણે યુકેમાં નાની બોટથી ઘુસણખોરી કરનારા લોકોમાં આલ્બેનિયન, અફઘાનો અને ઈરાનના લોકોની પણ મોટી સંખ્યા હોય છે. યુકેમાં ભારતીય વિદ્યાર્થીઓના પ્રતિનિધિ સનમ અરોરાએ જણાવ્યું કે ભારતીય વિદ્યાર્થીઓ કાયદાનું પાલન કરનારા, મહેનતુ અને મેરિટથી આગળ વધનારા હોય છે. આવી છુટીછવાઈ ઘટનાઓથી અમને ચિંતા થાય છે. જો આ વાત સાચી હશે તો આખી કોમ્યુનિટીને અસર થશે. કોઈ પણ વિદ્યાર્થીએ યુકેની વિઝા સિસ્ટમને દુરુપયોગ કરવો ન જોઈએ.

વર્ષ ૨૦૨૨ દરમિયાન લગભગ ૪૫,૦૦૦ લોકો નાની બોટમાં ઈંગ્લિશ ચેનલ પાર કરીને યુકેમાં પ્રવેશ્યા હતા તેમ મ્ઝ્રનો એક અહેવાલ જણાવે છે. ૨૦૨૧ની તુલનામાં આ રીતે ગેરકાયદે ઘુસણખોરીમાં ૬૦ ટકાનો વધારો થયો છે.

---

### પરવેઝ મુશર્રફે દુબઈમાં લીધા અંતિમ શ્વાસ

## પાકિસ્તાનના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ પરવેઝ મુશર્રફનું નિધન થયું

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા.૫

પાકિસ્તાનના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ જનરલ પરવેઝ મુશર્રફનું રવિવારના રોજ દુબઈમાં લાંબી માંદગી બાદ નિધન થયું છે. પાકિસ્તાનના સ્થાનિક મીડિયા દ્વારા આ સમાચાર આપવામાં આવી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે પરવેઝ મુશર્રફે ૭૯ વર્ષની ઉંમરે અંતિમ શ્વાસ લીધા છે. પાછલા થોડા સમયથી દુબઈની અમેરિકન હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી હતી. અહેવાલ અનુસાર, પૂર્વ રાષ્ટ્રપ્રમુખ પરવેઝ મુશર્રફ પાછલા થોડા અઠવાડિયાથી હોસ્પિટલમાં દાખલ હતા અને તેમની સારવાર ચાલી રહી હતી. પરંતુ તેમણે આખરે અંતિમ શ્વાસ લીધા હતા. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૬થી પરવેઝ મુશર્રફ દુબઈ શિફ્ટ થઈ ગયા હતા. પાછલા આઠ વર્ષથી દુબઈમાં તેમની સારવાર ચાલી રહી હતી. તેમના કાર્યકાળની વાત કરવામાં આવે તો તે પાકિસ્તાનના દસમા રાષ્ટ્રપ્રમુખ હતા. તેઓ વર્ષ ૧૯૬૪માં પાકિસ્તાન આર્મી સાથે જોડાયા હતા.

ક્વેટામાં આવેલા આર્મી સ્ટાફ એન્ડ કમાન્ડ કોલેજથી તેમણે સ્નાતક ડિગ્રી મેળવી હતી.

પરવેઝ મુશર્રફનો જન્મ ૧૧ ઓગસ્ટ, ૧૯૪૩ના રોજ દિલ્હીમાં થયો હતો. મુશર્રફે પ્રાથમિક શિક્ષણ કરાચીની સેન્ટ પેટ્રિક હાઈ સ્કૂલમાં મેળવ્યુ હતું. પાકિસ્તાનમાં ૧૨ ઓક્ટોબર ૧૯૯૯ના રોજ તખ્તાપલટ થયો હતો. પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફે પરવેઝ મુશર્રફને તેમના પદ પરથી હટાવવાનો પ્રયત્ન કર્યો હતો. ત્યારપછીથી જ પરવેઝ મુશર્રફે પોતાના વફાદાર જનરલ સાથે મળીને નવાઝ શરીફનો તખ્તાપલટ કરવાનું ષડયંત્ર શરુ કર્યુ હતું. ૧૧ સપ્ટેમ્બર ૨૦૦૧ના હુમાલ પછી જ્યારે અમેરિકાએ અફઘાનિસ્તાન પર હુમલો કર્યો તો મુશર્રફે તેમને સમર્થન આપ્યુ હતું. કારગિલ યુદ્ધ દરમિયાન પરવેઝ મુશર્રફ પાકિસ્તાની સેનાના પ્રમુખ હતા. પાકિસ્તાની મીડિયાના રિપોર્ટ્સ અનુસાર, મુશર્રફે કારગિલ યુદ્ધ બાબતે પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફને અંધારામાં રાખ્યા હતા.

---

### વાગી રહ્યાં છે યુદ્ધના ભણકારા !

## યુએસએ એરસ્પેસનું ઉલ્લંઘન કરનાર ચીનના જાસૂસી બલૂનને તોડી પાડ્યું

એજન્સી દ્વારા

વોશિંગ્ટન, તા.૫

અમેરિકાથી મોટા અને ચોંકાવનારા સમાચારો સામે આવી રહ્યાં છે. અમેરિકા અને ચીન વચ્ચે તણાવ ખુબ જ વધી શકે છે. જો પરિસ્થિતિમાં સુધાર નહીં આવે તો એક તબક્કે આ મુદ્દો યુદ્ધ સુધી પણ પહોંચી શકે છે. કારણકે, અમેરિકાથી એક મોટી માહિતી સામે આવી રહી છે. વાસ્તવમાં, જ્યારે ઉત્તર અમેરિકામાં સ્થિત સંવેદનશીલ સૈન્ય સ્થળોને પાર કરીને ચીનનો જાસૂસ બલૂન કેરોલિના કિનારે પહોંચ્યો ત્યારે તેનો ઢગલો થઈ ગયો હતો. હાલ કાટમાળ હટાવવાની કામગીરી ચાલી રહી છે.યુએસએ શનિવારે એરસ્પેસનું ઉલ્લંઘન કરનાર ચીની જાસૂસી બલૂનને તોડી પાડ્યું હતું. જણાવી દઈએ કે ચીનના જાસૂસ બલૂનના કારણે અમેરિકા અને ચીન વચ્ચે તણાવ વધી ગયો છે. આવી સ્થિતિમાં અમેરિકી વિદેશ મંત્રી એન્થોની બ્લિંકને પણ બેઈજિંગની પ્રસ્તાવિત બે દિવસીય મુલાકાત મોકૂફ રાખી છે.

અમેરિકાએ ચીનના જાસૂસી બલૂનને તોડી પાડ્યાનો દાવો કર્યો છે. અહેવાલ અનુસાર, ઉત્તર અમેરિકામાં સ્થિત સંવેદનશીલ સૈન્ય સ્થળોને પાર કર્યા પછી, જ્યારે તે કેરોલિના કિનારે પહોંચ્યું ત્યારે ચીની જાસૂસી બલૂનને ઠાર મારવામાં આવ્યું હતું. હાલ કાટમાળ હટાવવાની કામગીરી ચાલી રહી છે.

આ મિશનને અમલમાં મૂકવા માટે, કેરોલિના દરિયાકિનારાની આસપાસની ફ્લાઈટ્સ તાત્કાલિક અસરથી બંધ કરવામાં આવી હતી. આ પછી ફાઈટર પ્લેને ચીની જાસૂસી બલૂનને તોડી પાડ્યું હતું. અમેરિકાએ ચીનના જાસૂસી બલૂનને તોડી પાડ્યા બાદ બંને દેશો વચ્ચે તણાવ વધવાની આશંકા છે. દરમિયાન, રાષ્ટ્રપતિ જો બિડેને કહ્યું કે અમે તેને સફળતાપૂર્વક તોડી પાડ્યું છે અને હું આ માટે અમારા પાઈલટ્સને અભિનંદન આપું છું.

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેનની પરવાનગી મળ્યા બાદ યુએસ એરફોર્સે મિસાઈલ ફાયર કરીને શંકાસ્પદ બલૂનને તોડી પાડ્યું હતુ. જાસૂસ બલૂનને તોડી પડાયા બાદ ચીન ભડકી ઉઠ્યું છે. ડ્રેગને તરત જ જવાબ આપ્યો કે તે નાગરિક એરશીપ હતી. અમેરિકાએ પ્રોફેશનલ રીતે મામલો ઉકેલવો જોઈતો હતો. અમેરિકા વધુ પડતી પ્રતિક્રિયા આપી રહ્યું છે. આ સાથે ચીને અમેરિકાને જવાબી કાર્યવાહી કરવાની ચેતવણી પણ આપી છે. ચીનનું કહેવું છે કે અમેરિકાએ આંતરરાષ્ટ્રીય નિયમોનું ઉલ્લંઘન કર્યું છે.

બલૂન એક્સપર્ટ વિલિયમ કિમના જણાવ્યા અનુસાર, પહેલું ચાઈનીઝ બલૂન અલગ-અલગ ફીચર્સ સાથે સામાન્ય વેધર બલૂન જેવું જ દેખાય છે. માહિતી એકત્ર કરવા માટે તેમાં મોટા પાયે પેલોડ અને સોલાર પેનલ લગાવવામાં આવી છે અને તેના દ્વારા તેનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. તેણે કહ્યું કે આ બલૂનને જોઈને ખબર પડે છે કે તેમાં એડવાન્સ સ્ટિયરિંગ ટેક્નિક છે. આ બલૂનને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જઈ શકાય છે. ગુરુવારે ચીનના જાસૂસી બલૂનને જોઈને અમેરિકામાં ખળભળાટ મચી ગયો હતો. જો કે તેને નષ્ટ કરવાનું આયોજન હતું, પરંતુ કાટમાળને કારણે ભારે તબાહીની આશંકા હતી. જેમ કે તે નાશ પામ્યો ન હતો.

---

### ભારતે ચીન સામે મોટી કાર્યવાહી કરી

## ભારતમાં ૨૩૨ ચાઈનીઝ એપ્સ પર પ્રતિબંધ મૂકાયો

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા.૫

ભારતે ચીન સામે મોટી કાર્યવાહી કરી છે. ભારતમાં ૨૩૨ ચાઈનીઝ એપ્સ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ચીનની ૧૩૮ બેટિંગ એપ્સ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ સિવાય ચીનની ૯૪ લોન આપતી એપ્સને પણ ભારતમાં પ્રતિબંધિત કરવામાં આવી છે. આપને જણાવી દઈએ કે ગૃહ મંત્રાલયના સૂચન પર ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયે તાત્કાલિક ધોરણે ૧૩૮ બેટિંગની ચાઈનીઝ એપ્સ અને ૯૪ લોન આપતી ચાઈનીઝ એપ્સ પર પ્રતિબંધ અને બ્લોક કરવાનું શરૂ કરી દીધું છે. ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયે આ પગલું ભર્યું છે કે આ તમામ ચીની એપ્સ આઈટી એક્ટની કલમ ૬૯નું ઉલ્લંઘન કરી રહી છે. આમાં એવી સામગ્રી છે જે ભારતની સંપ્રભુતા અને અખંડિતતા માટે ખતરો છે. ઘણા લોકોએ તેમને હેરાનગતિ થતી હોવાની ફરિયાદ કરી હતી. આ ચાઈનીઝ એપ્સ સામે કાર્યવાહી કરવાનું આ પણ એક કારણ છે.મળતી માહિતી મુજબ આ પ્રતિબંધિત એપ્સ પાછળ ચીન શાતિર દિમાગ હતું. આ એપ્સના ડાયરેક્ટર ભારતીયોને બનાવવામાં આવ્યા હતા. આ એપ્સ આર્થિક રીતે પરેશાન લોકોને દેવાની જાળમાં ફસાવતા હતા અને પછી લોનનું વ્યાજ ૩,૦૦૦ ટકા સુધી વધારી દેવામાં આવતું હતું. ઉલ્લેખનીય છે કે ઈનપુટ્સના આધારે, ગૃહ મંત્રાલયે લગભગ ૬ મહિના પહેલા લોન આપતી ૨૮ ચીની એપ્સનું વિશ્લેષણ કરવાનું શરૂ કર્યું હતું ત્યારે સામે આવ્યું કે આવી ૯૪ એપ્સ છે જે લોન આપે છે. આમાંથી કેટલીક એપ્સ ઈ-સ્ટોર્સ પર ઉપલબ્ધ હતી અને કેટલીક થર્ડ પાર્ટી લિંક્સ દ્વારા કામ કરતી હતી.

---

## પાકિસ્તાનમાં પેટ્રોલ નહીં રહે, પંપ માલિકોએ સરકારને ચેતવણી આપી

એજન્સી દ્વારા

ઈસ્લામાબાદ,તા.૦૫

પાડોશી દેશ પાકિસ્તાનમાં લોટ અને તેલની વધતી કિંમતો અને આર્થિક સંકટ સાથે જોડાયેલી સ્થિતિ વધુ ગંભીર બની રહી છે. દરમિયાન, પાકિસ્તાનની ઓઈલ કંપનીઓએ ચેતવણી આપી છે કે, ડોલરની અછત અને રૂપિયાના અવમૂલ્યનને કારણે વધતા વેપાર ખર્ચને કારણે દેશનો પેટ્રોલિયમ ઉદ્યોગ પતનની આરે છે. ન્યૂઝ ચેનલ જિયો ન્યૂઝના રિપોર્ટ અનુસાર જો તમને જણાવીએ તો, સરકારે ઈન્ટરનેશનલ મોનેટરી ફંડની માંગને પહોંચી વળવા માટે ડોલર પરની મર્યાદા હટાવી દીધી છે. જેના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં પાકિસ્તાની રૂપિયો ઐતિહાસિક ઘટાડા સાથે ૨૭૬.૫૮ રૂપિયા પ્રતિ ડોલર પર પહોંચી ગયો છે. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ એ રાહત પેકેજને પુનઃસ્થાપિત કરવા માટે ઘણી શરતો લાદી છે, જેમાં સ્થાનિક ચલણ માટે બજાર-નિર્ધારિત વિનિમય દર અને ઈંધણ સબસિડીનું સરળીકરણ સામેલ છે. સરકારે બંને શરતો સ્વીકારી લીધી છે. ઓઈલ કંપની એડવાઈઝરી કાઉન્સિલે ઓઈલ એન્ડ ગેસ રેગ્યુલેટરી ઓથોરિટી અને પાવર મંત્રાલયને મોકલેલા પત્રમાં જણાવ્યું છે કે, રૂપિયાના વિનિમય દરમાં ઘટાડો થવાને કારણે ઉદ્યોગને અબજો રૂપિયાનું નુકસાન થયું છે. કારણ કે, તેમા નવા દરની શક્યતા છે. તેમના ક્રેડિટ લેટર માટે નિશ્ચિત કરવામાં આવશે. વિદેશી મૂડી ભંડાર ઘટવાને કારણે સરકારે લેટર્સ ઓફ ક્રેડિટ પર પણ નિયંત્રણો લાદી દીધા છે. ૨૭ જાન્યુઆરીના ડેટા અનુસાર, વિદેશી મૂડી અનામત ઘટીને ઈ૩૦૮.૬૨ મિલિયન થઈ ગયું છે, જે માત્ર ૧૮ દિવસની આયાત માટે પૂરતું છે. આર્થિક મંદીના આ યુગમાં પાકિસ્તાન ચૂકવણી સંતુલનની ગંભીર કટોકટીનો સામનો કરી રહ્યું છે.

---

## કેન્દ્રીય કર્મચારીઓને હોળી પહેલાં મળી શકે મોટી ભેટ

નવી દિલ્હી, તા.૫

કેન્દ્ર સરકાર તેના એક કરોડથી વધારે કર્મચારીઓ અને પેન્શનરો માટે મોંઘવારી ભથ્થાને (DA)ને ૩૮ ટકાથી વધારીને ૪૨ ટકા કરી શકે છે. કર્મચારીઓ અને પેન્શનદારો માટે મોંઘવારી ભથ્થાની ગણતરી લેબર બ્યુરો દ્વારા દર મહિને જાહેર કરવામાં આવતા ઔદ્યોગિક કામદારો માટેના જાહેર ગ્રાહક ભાવના સૂચકાંકના આધાર પર કરવામાં આવે છે. લેબર બ્યુરો લેબર મંત્રાલયનો જ એક ભાગ છે.ઓલ ઈન્ડિયા રેલવેમેન ફેડરેશનના મહાસચિવ શિવ ગોપાલ મિશ્રાએ સમાચાર એજન્સી સાથે વાત કરતા કહ્યું કે, 'ડિસેમ્બર ૨૦૨૨ માટે સીપીઆઈ-આઈડબલ્યૂ ૩૧ જાન્યુઆરી ૨૦૨૩એ જાહેર કરવામાં આવ્યુ હતું. તેના હિસાબથી મોંઘવારી ભથ્થામાં ૪.૨૩ ટકાનો વધારો થવો જોઈએ. પરંતુ સરકાર ડિએમાં દશાંશ બિંદુ પછી સંખ્યા વધારતી નથી. આ પ્રકારે ડીએને ૪ ટકા વધારીને ૪૨ ટકા કરવાની શક્યતા છે.'તેમણે આગળ જણાવ્યુ કે, નાણા મંત્રાલય પોતાના ખર્ચને ધ્યાનમાં રાખતા ડીએ વધારવા માટે એક પ્રસ્તાવ તૈયાર કરશે અને કેન્દ્રીય મંત્રિમંડળના સમક્ષ મંજૂરી માટે મૂકશે. ડીએ વધારો ૧ જાન્યુઆરી ૨૦૨૩થી પ્રભાવી થશે. વર્તમાનમાં એક કરોડથી વધારે કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરોને ૩૮ ટાક મોંઘવારી ભથ્થુ મળી રહ્યું છે. ડીએમાં ગત સંશોધન ૨૮ ડિસેમ્બર. ૨૦૨૨માં કરવામાં આવ્યુ હતું. જે ૧ જુલાઈ, ૨૦૨૨થી પ્રભાવી થશે.વર્તમાન કર્મચારીઓને સરકાર મોંઘવારી ભથ્થુ અને પેન્શનધારકોને મોંઘવારી રાહત એટલે કે ડીઆર આપે છે. આવું વધતી મોંઘવારીને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. આ એક વર્ષમાં ૨ વાર થાય છે. રાજ્ય સરકારના કર્મચારીઓનું ડીએ ત્યાંની સરકાર પોતાના સ્તર પ્રમાણે વધારે છે. ગત વર્ષે મોંઘવારી બહુ જ વધી જવાના કારણે ગુજરાત સહિત મધ્યપ્રદેશ અને ઘણા રાજ્યોએ તેના કર્મચારીઓના ડીએમાં વધારો કર્યો હતો. સાથે જ કેન્દ્રએ પણ આમાં વધારો કરતા કર્મચારીઓને ખુશખબરી આપી હતી. કેન્દ્ર સરકારે ૨૦૨૦ની શરૂઆતમાં મોંઘવારી ભથ્થા પર રોક લગાવી હતી. જ્યારે આ રોક હટી તો ૨૮ ટકાના હિસાબથી મોંઘવારી ભથ્થું આપવામાં આવ્યું. ડોઢ વર્ષ સુધી દરમાં કોઈ જ વધારો કરવામાં ન આવ્યો. જો કે, ત્યારબાદ હવે આમાં ૧૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે.

# બજેટ પછી અદાણી બોમ્બના કડાકા ભડાકા સાથે સ્ટોક સ્પેસિફિક તેજી બરકરાર.

## સરકારી નિયામક સંસ્થાઓ દ્વારા વિવિધ પગલાં દ્વારા અદાણી-બજાર અને ભારત ની શાખ તેમ જ એલઆઈસી અને બેંકોને બચાવવા માટે પ્રથમ વખત એફએન્ડઓ ની સ્ક્રિપ એએસએમમાં જે લોકલ માર્કેમાં ખૂલ્લું વેચાણ રોકવામાં કામયાબ : જરૂર પડે વિકલી એએસએમ પણ શક્ય

બજેટ સપ્તાહમાં વોલેટિલિટી વચ્ચે સૂચકાંકો ઉંચા ગયા નિફ્ટી, સેન્સેક્સ બજેટ પછીની રેલી પર હોઈ શકે છે ; અદાણી ગ્રુપના શેરમાં કડાકા ભડાકા સાથે મોટો ઘટાડો. ભારે અસ્થિરતા સાથે પૂરાં થયેલ સપ્તાહમાં મુખ્ય સૂચકાંકોએ મજબૂત લાભ નોંધાવ્યો હતો. કેન્દ્રીય નાણાં પ્રધાન દ્વારા સંસદમાં ૨૦૨૩-૨૪ માટેનું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. સપ્તાહના તમામ પાંચ ટ્રેડિંગ સેશનમાં સૂચકાંકો ઊંચા સ્તરે સ્થિર થયા હતા. નિફ્ટી ૧૭,૮૫૦ ની ઉપર સ્થિર થયો હતો. સ્મોલ અને મિડ-કેપ શેરોએ સેન્સેક્સ કરતાં ઓછો દેખાવ કર્યો હતો. યુએસ સ્થિત શોર્ટ-સેલર હિંડનબર્ગ રિસર્ચના સમૂહ પરના પ્રતિકૂળ અહેવાલને પગલે અદાણી જૂથના શેરોમાં ગયા સપ્તાહે કડાકા-ભડાકા સાથે મંદીનો વધારો થયો હતો. ૧ ફેબ્રુઆરી ૨૦૨૩ ના રોજ કેન્દ્રીય નાણા પ્રધાન દ્વારા સંસદમાં ૨૦૨૩-૨૪ માટેનું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. કેન્દ્ર સરકાર દ્વારા દેશમાં મૂડીખર્ચના ખર્ચને વેગ આપવા માટે ઘણા પગલાંની જાહેરાત કરવામાં આવ્યા બાદ રોકાણકારોએ ઉત્સાહ વ્યક્ત કર્યો હતો અને સાથે સાથે સૌથી વધુ કરદાતાઓને રાહત આપી હતી. ૨૦૨૫-૨૬ સુધીમાં રાજકોષીય ખાધને જીડીપીના ૪.૫%થી નીચે લાવવા સાથે. શુક્રવાર, ૩ ફેબ્રુઆરી ૨૦૨૩ ના રોજ પૂરા થયેલા સપ્તાહમાં, સેન્સેક્સ ૧,૫૧૦.૯૮ પોઈન્ટ અથવા ૨.૫૫% વધીને ૬૦,૮૪૧.૮૮ પર સેટલ થયો હતો. નિફ્ટી-ફીફ્ટી ૨૪૯.૭૦ પોઈન્ટ અથવા ૧.૪૨% વધીને ૧૭,૮૫૪.૦૫ પર સેટલ થયો હતો. બીએસઈ મિડ-કેપ ઈન્ડેક્સ ૦.૪૫% વધીને ૨૪,૪૪૮.૦૧ પર સેટલ થયો હતો. બીએસઈ સ્મોલ-કેપ ઈન્ડેક્સ ૦.૮૬% વધીને ૨૭,૮૬૨.૬૮ પર સેટલ થયો હતો. સોમવારે, ૧,૪૪૯ શેરો આગળ વધ્યા, ૨,૧૫૬ ઘટ્યા અને ૧૫૮ યથાવત રહ્યા, જે બોમ્બે સ્ટોક એક્સચેન્જ (મ્જીઈ) પર વ્યાપક બજારોમાં શેરોના નકારાત્મક બંધનો સંકેત આપે છે.

નેશનલ સ્ટોક એક્સચેન્જ પર, ૨૮ સિક્યોરિટીઝ આગળ વધી અને બાવન સપ્તાહની નવી ઊંચી સપાટીએ બંધ થઈ, જ્યારે ૧૩૬ સિક્યોરિટી તેમના બાવન-સપ્તાહના નવા તળિયે બંધ થઈ.

ક્ષેત્રીય સૂચકાંકોમાં, નિફ્ટી આઈટી અને નિફ્ટી પીએસયુ સૌથી વધુ ઉછાળામાં હતા. નિફ્ટી એનર્જી, નિફ્ટી એફએમસીજી અને નિફ્ટી મેટલ સૌથી વધુ ઘટ્યા હતા. મંગળવારે, ૨૭ સિક્યોરિટીઝ આગળ વધીને બાવન સપ્તાહની નવી ઊંચી સપાટીએ બંધ થઈ હતી જ્યારે ૮૭ સિક્યોરિટીઝ એનએસઈ પર તેમની બાવન-સપ્તાહની નવી નીચી સપાટીએ બંધ થઈ હતી.

બીએસઈ પર, ૨,૪૪૩ શેરો આગળ વધ્યા, ૧,૦૬૬ ઘટ્યા અને ૧૨૬ યથાવત રહ્યા, જે વ્યાપક બજારોમાં શેરોના સકારાત્મક બંધનો સંકેત આપે છે

ક્ષેત્રીય સૂચકાંકોમાં, નિફ્ટી આઈટી અને નિફ્ટી ફાર્મા સૌથી વધુ ઘટ્યા હતા. નિફ્ટી એનર્જી, નિફ્ટી પીએસયુ બેંક, નિફ્ટી મીડિયા, નિફ્ટી ઓટો અને નિફ્ટી મેટલ સૌથી વધુ ઘટ્યા હતા.

બુધવારે, બજારના સૂચકાંકો અસ્થિર બજેટના દિવસે સપાટ સમાપ્ત થયા હતા. બોમ્બે સ્ટોક એક્સચેન્જ (મ્જીઈ) પર, ૨,૨૯૪ શેરો આગળ વધ્યા, ૮૬૨ ઘટ્યા અને ૧૫૬ યથાવત રહ્યા, જે વ્યાપક બજારોમાં શેરોના સકારાત્મક બંધનો સંકેત આપે છે. નેશનલ સ્ટોક એક્સચેન્જ પર, ૪૪ સિક્યોરિટીઝ આગળ વધી અને બાવન સપ્તાહની નવી ઊંચી સપાટીએ બંધ થઈ જ્યારે ૮૮ સિક્યોરિટીઝ તેમના બાવન-સપ્તાહના નવા તળિયે બંધ થઈ.

ક્ષેત્રીય સૂચકાંકોમાં, નિફ્ટી આઈટી અને નિફ્ટી એફએમસીજી સૌથી વધુ ઉછાળામાં હતા. નિફ્ટી પીએસયુ બેંક, નિફ્ટી એનર્જી, નિફ્ટી મેટલ, નિફ્ટી મીડિયા અને નિફ્ટી ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સૌથી વધુ નુકસાન થયું હતું. ઓસ્ટ્રેલિયાના કોર્પોરેટ રેગ્યુલેટર ટૂંકા વિક્રેતા હિંડનબર્ગના અહેવાલની સમીક્ષા કરશે જેમાં ભારતના અદાણી ગ્રૂપ વિશે વ્યાપક ચિંતાઓ દર્શાવવામાં આવી છે.

ક્રેડિટ સુઈસે અદાણી બોન્ડ્સ પર માર્જિન લોન અટકાવી દીધી હોવાથી અદાણી ગ્રૂપના શેરો દબાણ હેઠળ હતા. મુખ્ય કંપની અદાણી એન્ટરપ્રાઈઝ સૌથી વધુ ૨૮% તૂટી.

સરકારે જાન્યુઆરીમાં જીએસટી તરીકે રૂ.૧.૫૬ લાખ કરોડ એકત્ર કર્યા છે જે અત્યાર સુધીની બીજી સૌથી વધુ મોપ-અપ છે. ગુરુવારે, ૪૩ સિક્યોરિટીઝ આગળ વધીને બાવન સપ્તાહની નવી ઊંચી સપાટીએ બંધ થઈ હતી જ્યારે એનએસઈ ખાતે ૧૧૬ સિક્યોરિટીઝ તેમના નવા બાવન-અઠવાડિયાના તળિયે બંધ થઈ હતી. બોમ્બે સ્ટોક એક્સચેન્જ (બીએસઈ) પર, ૧,૬૫૪ શેરો આગળ વધ્યા, ૧,૮૪૬ ઘટ્યા અને ૧૨૭ યથાવત રહ્યા, જે વ્યાપક બજારોમાં શેરોના નકારાત્મક બંધનો સંકેત આપે છે.

ક્ષેત્રીય સૂચકાંકોમાં, નિફ્ટી એફએમસીજી અને નિફ્ટી આઈટી સૌથી વધુ ઉછાળામાં હતા. નિફ્ટી મેટલ, નિફ્ટી એનર્જી અને નિફ્ટી ફાર્મામાં સૌથી વધુ ઘટાડો નોંધાયો હતો.

અદાણી ગ્રૂપનું માર્કેટ કેપ તેની વિક્રમી ઊંચાઈથી લગભગ ૬૦% અને હાલમાં ૨૪ જાન્યુઆરીથી લગભગ ૫૦% ઘટ્યું છે. શુક્રવારે, મુખ્ય સૂચકાંકોએ સેન્સેક્સ ૯૦૯.૬૪ પોઈન્ટ ઉછળ્યો અને નિફ્ટી ૧૭,૮૫૦ ની ઉપર સમાપ્ત થયો.

બોમ્બે સ્ટોક એક્સચેન્જ પર, ૧,૩૪૪ શેરો આગળ વધ્યા, ૨,૨૦૦ ઘટ્યા અને ૧૨૪ યથાવત રહ્યા, જે વ્યાપક બજારોમાં શેરોના નકારાત્મક બંધનો સંકેત આપે છે. નેશનલ સ્ટોક એક્સચેન્જ પર, ૪૬ સિક્યોરિટીઝ આગળ વધી અને બાવન સપ્તાહની નવી ઊંચી સપાટીએ બંધ થઈ જ્યારે ૧૬૨ સિક્યોરિટીઝ તેમના બાવન-સપ્તાહના નવા તળિયે બંધ થઈ.

ક્ષેત્રીય સૂચકાંકોમાં, નિફ્ટી પીએસયુ બેંક, નિફ્ટી ઓટો અને નિફ્ટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સૌથી વધુ ઉછાળામાં હતા. નિફ્ટી મેટલ, નિફ્ટી એનર્જી અને નિફ્ટી ફાર્મામાં સૌથી વધુ ઘટાડો નોંધાયો હતો.

ભારતીય રૂપિયો અગાઉના ૮૨.૧૭ એક ડોલર ના બંધ સામે ૮૧.૮૩/ઈ ૮૧.૮૩ પર ડોલર બંધ થયો હતો.

અદાણી એન્ટરપ્રાઈઝ ડાઉ જોન્સ સસ્ટેનેબિલિટી ઈન્ડેક્સમાંથી બહાર થઈ જશે. મોટા સોદામાં, અદાણી એન્ટરપ્રાઈઝ ૦.૩% ઈક્વિટી રૂ.૧,૧૭૦ શેરના ભાવે હાથ બદલાઈ.

## માર્વેલસ રિસર્ચ

લલીત શાહ મો. ૯૮૨૫૦૫૬૩૯૬

**કેન્દ્રીય બજેટ ૨૦૨૩-૨૪:**

કેન્દ્રીય નાણા પ્રધાન નિર્મલા સીતારમણે ૩૧ જાન્યુઆરી ૨૦૨૩ ના રોજ સંસદમાં આર્થિક સર્વે ૨૦૨૩ રજૂ કર્યો હતો. સરકારે અનુમાન લગાવ્યું છે કે ભારત નાણાકીય વર્ષ ૨૩ માં ૭% અને ૬-૬.૮% ના જીડીપી વૃદ્ધિના અનુમાન સાથે વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું મુખ્ય અર્થતંત્ર રહેશે. એફવાય-૨૪

સર્વેમાં વધુમાં દર્શાવવામાં આવ્યું છે કે યુએસ ફેડ દ્વારા વ્યાજદરમાં વધુ વધારાની સંભાવના સાથે રૂપિયાના અવમૂલ્યન સામેનો પડકાર યથાવત છે. વૈશ્વિક કોમોડિટીના ભાવ ઊંચા રહેવાથી, આર્થિક વૃદ્ધિની ગતિ મજબૂત રહેવાને કારણે ઝછઠ સીએડી વધવાનું ચાલુ રાખી શકે છે. જો ચાલુ ખાતાની ખાધ વધશે તો રૂપિયો દબાણ હેઠળ આવી શકે છે.

નાણા પ્રધાન નિર્મલા સીતારમણે ૧ ફેબ્રુઆરી ૨૦૨૩ ના રોજ બજેટ ૨૦૨૩ રજૂ કર્યું. આવતા વર્ષે સામાન્ય ચૂંટણી પહેલા નરેન્દ્ર મોદી સરકારનું આ અંતિમ પૂર્ણ બજેટ હતું. એફએમ સીતારમને જણાવ્યું હતું કે ૨૦૨૩-૨૪ માટે રાજકોષીય ખાધ ૫.૯% રહેવાનો અંદાજ છે.એફવાય૨૩ રાજકોષીય ખાધ જીડીપીના ૬.૪% પર સુધારેલ છે. એફવાય-૨૪ ગ્રોસ બોરોઈંગ રૂ.૧૫.૪ લાખ કરોડ પર સેટ છે. સીતારમને તેમના બજેટ ભાષણમાં જણાવ્યું હતું કે ભારતનો એફવાય-૨૩ જીડીપી વૃદ્ધિ ૭% રહેવાનો અંદાજ છે. સરકાર મૂડી રોકાણ ૩૩% વધારીને રૂ.૧૦ લાખ કરોડ કરી રહી છે, જે જીડીપીના ૩.૩% હશે. આ ભારત દ્વારા અત્યાર સુધીનો સૌથી વધુ મૂડી ખર્ચ છે. સરકારે રેલવે માટે રૂ.૨.૪૦ લાખ કરોડના મૂડી ખર્ચની જાહેરાત કરી હતી, જે એફવાય-૧૪ કરતાં ૯ ગણો વધારે છે. ૫૦ વધારાના એરપોર્ટ, હેલીપોર્ટ, વોટર એરોડ્રોમ, એડવાન્સ લેન્ડિંગ ઝોનને પુનર્જીવિત કરવામાં આવશે. મ્યુનિસિપલ બોન્ડ માટે ધિરાણપાત્રતા સુધારવા માટે શહેરોને પ્રોત્સાહન આપવામાં આવશે. સ્ટીલ, બંદરો, ખાતર, કોલસો, ખાદ્યાન્ન ક્ષેત્રો માટે લગભગ ૧૦૦ જટિલ ટ્રાન્સપોર્ટ ઈન્ફ્રા પ્રોજેક્ટ્સને ખાનગી સ્ત્રોતોમાંથી રૂ.૧૫,૦૦૦ કરોડ સહિત રૂ.૭૫,૦૦૦ કરોડના રોકાણ સાથે ઓળખવામાં આવ્યા છે. નાણાપ્રધાને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં મધ્યમ આવક ધરાવતા જૂથ માટે એકંદર ટેક્સ આઉટગો ઘટાડતા નવા આવક સ્લેબની જાહેરાત કરી છે. વ્યક્તિગત આવકવેરાની છૂટ મર્યાદા ૫ લાખ રૂપિયાથી વધારીને ૭ લાખ રૂપિયા કરવામાં આવી છે. આ રિબેટ ફક્ત નવા ટેક્સ સિસ્ટમમાં હોય તેવા લોકો માટે જ હશે.

**વૈશ્વિક બજારો:**

યુએસ સેન્ટ્રલ બેંકે તેની બે દિવસીય પોલિસી મીટિંગના અંતે બેન્ચમાર્ક ધિરાણ દરમાં ક્વાર્ટર પોઈન્ટ વધારો જાહેર કર્યો હતો, જે દરને ૪.૫૦-૪.૭૫ % ની લક્ષ્ય શ્રેણીમાં લઈ ગયો હતો. ફેડની નીતિ-નિર્ધારણ ફેડરલ ઓપન માર્કેટ કમિટી (ર્હ્લસ્ઝ) એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "ફુગાવો થોડો ઓછો થયો છે પરંતુ તે એલિવેટેડ છે." "સમિતિ અપેક્ષા રાખે છે કે લક્ષ્ય શ્રેણીમાં ચાલુ વધારો યોગ્ય રહેશે" ફુગાવાને સમયાંતરે નીતિ નિર્માતાઓના ૨% લક્ષ્ય પર પાછા લાવવા માટે, નિવેદનમાં જણાવાયું છે.યુએસ ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જેરોમ પોવેલે સ્વીકાર્યું કે ફુગાવો હળવો થવા લાગ્યો છે, તેમણે યુએસ સેન્ટ્રલ બેંક દ્વારા ક્વાર્ટર-પોઈન્ટના દરમાં વધારો કર્યા પછી કરેલી ટિપ્પણીમાં.

## અમારા ફોકસમાં સ્ટોક્સ

**એપોલો ટાયર (રૂ.૩૩૦.૧૦)**

હાઈ વોલાટેલીટી સાથે નવા હાઈની તૈયારી મા ગાડી લાબા ગાળાના બુલરન માટે ગિયરમાં પડી ગઈ છે.

**૬૩ મૂન્સ (રૂ.૧૮૦.૬૦)**

ઘણા લાંબા સમય ૨૨૫ નો બેક આઉટ આવેલો દેખાય છે.

**એજીઆઈ ગ્રીન પેક (રૂ.૩૨૦.૫૦)**

**પ્રિપેર્ડ ફોર ૫૦૦+**

**ઓલ કાર્ગો (રૂ.૪૧૮.૭૦)**

મારાં માટે પ્રથમ લક્ષ્ય ૪૯૫ બાદમાં

**લોટસ ચોકલેટ (રૂ.૩૯૫.૩૫)**

સ્ક્રીપમાં નોન-સ્ટોપ રેલી કરતાં ડિસેંબરમાં જ ૯૨-૯૩ ના ભાવમાં માર્વેલસ મિત્રો સાથે ડિસ્કસ કરેલ. હું લાંબા સમયથી સ્ક્રીપમાં તેજીનો છું .આ મારી ભારતીય કેડબરી જેવી મીઠી ટ્રીટ છે

**ડી-લિંક ઈન્ડિયા (રૂ.૨૦૯.૯૦)**

૩૧૧.૦૦ના ટોપથી હવે નીચે કરેક્શન કરી નવી ઊંચાઈ તરફ તેજીનો સંકેત આપે છે. મારું પ્રથમ લક્ષ્ય ૫૦૦+ કરતાં

**ગ્યુફીક બાયો (રૂ.૨૨૩.૯૫)**

લાંબા સંચય પછી નવા ઉચ્ચ પ્રવાસ માટેનો સંકેત આપતા મારા લક્ષ્ય ૩૪૦.૦૦+

**સુલા વાઇનયાર્ડ્સ (રૂ.૩૬૪.૧૦)**

કેડબરી હોઈ કે કોકા કોલા દારુ હોઈ કે ડ્રગ્સ મોટાભાગની હસ્તીઓ ને પૈસા ઐસી ચીજો સે હી બનાય હે . ચૂંટણીના આગામી દોઢ વર્ષ આના જેવા મોટા ભાગના શેરો લાઈમ લાઈટમાં રહેશે. મારો દૃષ્ટિકોણ અને લક્ષ્યાંક ઝડપથી વધી રહ્યો છે આ સ્ટોક આ બે વર્ષમાં ૧૦૦૦ ની કસોટી કરશે.

**ચમનલાલ સતિયા (રૂ.૧૩૨.૩૫ )**

નવી ચોખાની સિઝન શરૂ થઈ છે. કંપની નો સ્થાનિક અને વિશ્વ બજારમાં સારો બજાર હિસ્સો છે. મારા દૃષ્ટિકોણમાં સ્ટોક નવી ઊંચાઈ માટે તૈયારી કરી રહ્યો છે.

**ભારત ઈલેક્ટ્રોનિક્સ (રૂ.૯૩.૮૫)**

હું આ ડિફેન્સ બેબી સાથે પ્રેમમાં છું, મીઠી સોળ સ્વીટીની જેમ વધવાની ઘણી તકો છે

**તિલક નગર ઇન્ડસ્ટ્રીઝ (રૂ.૧૦૮.૩૫)**

બધા માર્વેલસ મિત્રો જાણે છે મારો પ્રેમ અને જુઓ આ સ્ક્રિપ કંપની ૨૦૩૩ સુધીમાં તેનો ૧૦૦ વર્ષનો વારસો પૂર્ણ કરવા જઈ રહી છે અને કરોડપતિને કરોડાધિપતિ બનાવવા જઈ રહી છે

**ટાન્સફોર્મર એન્ડ રેક્ટીફાયર (રૂ.૭૦.૯૦)**

આ ટોચની ૫ ટ્રાન્સફોર્મર કંપનીમાં છે જે તેના સાથીદારો કરતાં થોડી વિશેષતા ધરાવે છે. હિમાચલ, ટ્રાઈડેન્ટ, નાહર, માર્ગો ફાઈનાન્સ, જયુપીટર વેગન, જેઈટીકેટી (સોના કોયા) , અમારા મનપસંદ સ્ટોક્સ છે. ૫૦-થી-૩ હેઠળના થોડા સ્ટોક્સ જે અમારા અભ્યાસ હેઠળ ભવિષ્યમાં મલ્ટી બેગર સ્ટોક્સ હોઈ શકે છે. ભવિષ્યમાં ચર્ચા કરશે.

**(ખાસ નોંધ:)**

અહીં આપવામાં આવેલી માહિતી ફક્ત જાણકારી માટે છે. શેર બજારમાં રોકાણ ૧૦૦% જોખમોને આધિન છે.સાથે સાથે ફિક્સ્ડ ડિપોઝિટ ના ૧૩-૧૫ વર્ષે બમણા કરતાં ૧૦૦૦- થી ૧૦૦૦૦% ની કમાણી ની શકયતાઓ દેખાય છે.રોકાણકારોએ પૈસા લગાવતા પહેલા નિષ્ણાતોની સલાહ લેવી જોઈએ. લલિતભાઈ શાહ (માર્વેલસ રિસર્ચ) તરફથી શેરની ખરીદી કે વેચવાની ક્યારેય પણ કોઈ સલાહ આપવામાં આવતી નથી.) માટે તમારા પોતાના પ્રોફેશનલ સલાહકાર કે દલાલ ની સલાહ અને કોઈ પણ માહિતી ની ચોકસાઈ અને સેલ્ફ સ્ટડી કરી યોગ્ય એફોર્ડેબલ સ્ટોપલોસથી જોખમ તમારું પોતાનું છે સમજી ને વેપાર કે રોકાણ કરવું કે નહીં નકકી કરો.

## નિર્મલ મેટ્રો

### તંત્રીની કલમે....

જ્યારથી અદાણી ગ્રૂપ અંગે હિંડનબર્ગ સર્વે આવ્યો છે ત્યારથી સરકાર વિપક્ષના આકરા પ્રહારો હેઠળ આવી છે. વિરોધ પક્ષોની માંગ છે કે સરકારે આ મામલે જવાબ આપવો જોઈએ. આ હંગામાને કારણે સંસદનું બજેટ સત્ર ઘણી વખત સ્થગિત કરવું પડ્યું હતું. કામમાં વિક્ષેપ પડ્યો. જો કે અદાણી જૂથ આ મામલે પોતાની સ્થિતિ સ્પષ્ટ કરવા અને સુધારવામાં સતત વ્યસ્ત છે, તેમ છતાં શેરબજારમાં તેની કંપનીઓના શેર સતત નીચે તરફ જઈ રહ્યા છે. જ્યારથી અદાણી ગ્રૂપ અંગે હિંડનબર્ગ સર્વે આવ્યો છે ત્યારથી સરકાર વિપક્ષના આકરા પ્રહારો હેઠળ આવી છે. વિરોધ પક્ષોની માંગ છે કે સરકારે આ મામલે જવાબ આપવો જોઈએ. આ હંગામાને કારણે સંસદનું બજેટ સત્ર ઘણી વખત સ્થગિત કરવું પડ્યું હતું. કામમાં વિક્ષેપ પડ્યો. જો કે અદાણી જૂથ આ મામલે પોતાની સ્થિતિ સ્પષ્ટ કરવા અને સુધારવામાં સતત વ્યસ્ત છે, તેમ છતાં શેરબજારમાં તેની કંપનીઓના શેર સતત નીચે તરફ જઈ રહ્યા છે. અદાણી વિશ્વના ત્રીજા સૌથી ધનાઢ્ય ઉદ્યોગસાહસિકના સ્થાનેથી ટોપ ટ્વેન્ટી યાદીમાં પણ નીચે આવી ગયા છે. આવી સ્થિતિમાં ભારતીય અર્થવ્યવસ્થાને લઈને વિવિધ ચિંતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. મોટાભાગની મૂંઝવણ સામાન્ય રોકાણકારોમાં ફેલાયેલી છે જેમણે વિવિધ સરકારી સંસ્થાઓમાં નાણાંનું રોકાણ કર્યું છે. કારણ કે અદાણીની કંપનીઓમાં મોટાભાગનું નાણું સરકારી બેંકો અને ભારતીય જીવન વીમા નિગમ જેવી સંસ્થાઓ દ્વારા રોકાણ કરવામાં આવે છે. હિન્ડેનબર્ગે આરોપ મૂક્યો છે કે અદાણી જૂથે તેની કંપનીઓ માટે સરકારી બેંકો પાસેથી છેતરપિંડી કરીને લોન મેળવી છે અને તેના શેરની કિંમતો વાસ્તવમાં ઓછી આંકવામાં આવી છે ત્યારે તેને ખોટી રીતે ફુલાવવામાં આવી છે.

વિપક્ષ સરકાર પર હુમલો કરી રહ્યો છે કારણ કે તેનું કહેવું છે કે અદાણી જૂથની કંપનીઓને સરકારની સંમતિથી જ લોન આપવામાં આવી છે. તો પછી, લોન આપનારી બેંકો અને તેમની વાસ્તવિક કિંમતનું મૂલ્યાંકન કર્યા વિના કેવી રીતે અદાણી જૂથની કંપનીઓમાં આટલી મોટી રકમનું રોકાણ કર્યું. જીવન વીમા નિગમે આટલા મોટા પાયે તેના શેર કયા આધારે ખરીદ્યા? ત્યારે સવાલ એ પણ ઊભો થઈ રહ્યો છે કે સિક્યોરિટી માર્કેટમાં જે ગરબડ થાય છે તેના પર નજર રાખવાની જવાબદારી સેબીની છે, તેણે કેવી રીતે અને શા માટે આંખ આડા કાન કર્યા.

અત્યારે પણ જ્યારે અદાણી ગ્રૂપની કંપનીઓના શેરમાં ભારે ઘટાડો જોવા મળી રહ્યો છે ત્યારે તે શા માટે મૌન છે. રિઝર્વ બેંકે ચોક્કસપણે તે બેંકો પાસેથી સ્ટેટસ રિપોર્ટ માંગ્યો છે જેણે અદાણી ગ્રૂપની કંપનીઓને લોન આપી છે. પરંતુ સરકારે પણ અત્યાર સુધી મૌન સેવ્યું હોવાથી ઘણા લોકોને આ કાર્યવાહીમાં વિશ્વાસ નથી આવી રહ્યો. જોકે શેરબજારમાં ઉથલપાથલ કંપનીઓની મૂડી અને પ્રતિષ્ઠાને અસર કરે છે અને આ બજારના સટોડિયા દ્વારા રમત રમાય છે. પરંતુ અદાણી ગ્રૂપના શેરના ભાવ ઘટવાની વાત માત્ર આટલી જ નથી. આમાં સરકાર પર પણ આંગળીઓ ઉઠાવવામાં આવી રહી છે કે તેની સંમતિથી બેંકોએ નિયમોને ધ્યાનમાં ન રાખીને લોન આપી. અદાણી ગ્રૂપની કંપનીઓના શેરના ભાવમાં ઘટાડાથી એવા રોકાણકારોને આંચકો આવ્યો છે કે જેમણે તેમાં ઘણાં નાણાંનું રોકાણ કર્યું છે. તેઓ ચિંતિત છે કે તેમની મૂડી ક્યારેય પાછી આવશે કે કેમ. જોકે અદાણીએ પોતે રોકાણકારોને ખાતરી આપી રહ્યા છે કે તેમની વિશ્વસનીયતા નબળી પડી નથી અને તેમની વિરુદ્ધ ષડયંત્ર રચવામાં આવ્યું છે. પરંતુ મૂંઝવણ અને આશંકાના વાદળો વિખેરાયા ન હતા. આવી સ્થિતિમાં સરકાર તરફથી મૌન તોડીને આ મામલે સીધો અને વ્યવહારુ હસ્તક્ષેપ અપેક્ષિત છે. રોકાણકારોનો વિશ્વાસ જાળવી રાખવો ખૂબ જ જરૂરી છે. ત્યારે આ મામલે સરકારની વિશ્વસનીયતા પણ દાવ પર હોવાથી તેણે નિષ્પક્ષતા દાખવવી જ પડશે. સરકાર જેટલો લાંબો સમય ચૂપ રહેશે, વિપક્ષને તેના પર હુમલો કરવાની તક મળશે.

# શેરા એનર્જી એન એસઈ એસએમઈ આઈપીઓ સમીક્ષા (અરજી કરી શકાય)

દિલીપ દાવડા (Courtesy: Chittorgarh.com)

- એસ ઈ એલ નોન-ફેરસ વાયર/સ્ટ્રીપ્સ/રોડ્સ વગેરેની વિશાળ શ્રેણીના ઉત્પાદનના વ્યવસાયમાં રોકાયેલ છે.
- કંપનીએ છેલ્લા ૧૮ મહિનામાં તેની ટોપ અને બોટમ લાઈનમાં વૃદ્ધિ નોંધાવી છે.
- તે ઘણા મોટા અને નાના ખેલાડીઓ સાથે અત્યંત સ્પર્ધાત્મક સેગમેન્ટમાં કાર્યરત છે.
- ના. વ. ૨૩ની પૂર્વાર્ધની કમાણીના આધારે, ઈશ્યૂ સંપૂર્ણ કિંમતનો દેખાય છે.
- સારી રીતે માહિતગાર/રોકડ સરપ્લસ ધરાવતા રોકાણકારો લાંબા ગાળા માટે રોકાણ કરવાનો વિચાર કરી શકે છે.

**કંપની વિશે:**

શેરા એનર્જી લિ. (એસ ઈ એલ) મુખ્યત્વે તાંબા અને એલ્યુમિનિયમની બિન-ફેરસ ધાતુઓમાંથી બનેલા વિન્ડિંગ વાયર અને સ્ટ્રીપ્સના ઉત્પાદનના વ્યવસાયમાં રોકાયેલ છે. કંપની તાંબા અને પિત્તળના વાયર રોડ, વાયર અને ટ્યુબનું પણ ઉત્પાદન કરે છે. આ વાયર, ટ્યુબ અને સળિયા ગ્રાહકોની જરૂરિયાત અને/અથવા બજારમાં માંગ મુજબ વિવિધ આકાર અને કદમાં બનાવવામાં આવે છે.



તેની ઉત્પાદન શ્રેણીમાં કાગળથી ઢંકાયેલા વાયર, મીનો અને ફાઈબરથી ઢંકાયેલા વાયર, રાઉન્ડ વાયર, લંબચોરસ વાયર, બન્ચ્ડ વાયર, ટ્યુબ, સળિયા, સ્ટ્રીપ્સ વગેરેનો સમાવેશ થાય છે.

કંપનીએ સંરક્ષણ કાર્યક્રમો માટે બુલેટ શેલ બનાવવા માટે યોગ્ય કોલ્ડ એક્સટ્રુઝન પ્રક્રિયા દ્વારા વિશેષ-ગ્રેડના પિત્તળના સળિયાઓનું ઉત્પાદન પણ શરૂ કર્યું છે. કંપનીએ ગ્રાહકો સાથે આ અંગે જરૂરી પરીક્ષણો સફળતાપૂર્વક કર્યા છે. આપણા દેશમાં દારૂગોળો ઉદ્યોગમાં માંગને ધ્યાનમાં રાખીને કંપની દ્વારા આ ઉત્પાદન તાજેતરમાં વિકસાવવામાં આવ્યું છે. છેલ્લાં થોડાં વર્ષોમાં, આ કંપનીએ પોતાની જાતને મોટા પાયે એક પ્રતિષ્ઠિત સંસ્થા તરીકે વિકસાવી છે, જે વિવિધ આકાર, કદ અને વ્યાપકપણે ઉપયોગમાં લેવાતી વિવિધ બિન-લોહ ધાતુઓના વાયર, ટ્યુબ અને રોડ્સમાં વિશેષતા ધરાવે છે.

વ્યવસાયને વિસ્તારવા અને પછાત અને આગળના સંકલનનો લાભ મેળવવા માટે, આ કંપનીએ મૂલ્યવર્ધિત ઉત્પાદનો ઉમેરવા માટે રાજપૂતાના ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ, શેરા મેટલ પ્રાઈવેટ લિમિટેડ અને શેરા ઈન્ફ્રાપાવર પ્રાઈવેટ લિમિટેડ નામની ત્રણ પેટાકંપનીઓમાં રોકાણ/અધિગ્રહણ/સંકલન કર્યું છે. હાલના પોર્ટફોલિયોમાં. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૨ સુધીમાં, તેના પગારપત્રક પર ૧૪૬ કર્મચારીઓ હતા.

**ઈશ્યૂની વિગત અને મૂડીનો ઈતિહાસ**

આ કંપની મેઈડન આઈ પી ઓ સાથે તેનો રૂ. ૧૦ નો એક એવા ૬૧૭૬૦૦૦ ઈક્વીટી શેર બુક બલ્ડીંગ રૂટ દ્વારા મૂડી બજારમાં આવી રહી છે. આ માટે તેણે શેર દીઠ રૂ. ૫૫ થી રૂ. ૫૭ નું પ્રાઈઝબેન્ડ નક્કી કરેલ છે. પ્રાઈઝ બેન્ડના ઉપરના ભાવના આધારે આ કંપની રૂ. ૩૫.૨૦ કરોડ એકત્રિત કરવા માગે છે.આ આઈપીઓમાં નવા ઈકવીટી શેર ૧૦૪૮૦૦૦ (રૂ. ૫.૯૭ કરોડ) અને ઓફર ફોર સેલના ૫૧૨૮૦૦૦ શેર (રૂ. ૨૯.૨૩ કરોડ)નો સમાવેશ થાય છે. જાહેર ભરણા માટે આ ઈશ્યૂ તા.૦૭ ફેબ્રુઆરી૨૦૨૩ ના રોજ ખુલશે અને તા.૦૯ ફેબ્રુઆરી૨૦૨૩ ના રોજ બંધ થશે. ઓછામાં ઓછી અરજી ૨૦૦૦ શેર માટે અને તે પછી તેના ગુણાંકમાં કરી શકાશે. ફાળવણી પછી, શેર એન એસ ઈ એસ એમ ઈ ઈમર્જ પર સૂચિબદ્ધ થશે.

ઈશ્યૂ કંપનીની પોસ્ટ-ઈશ્યૂ પેઈડ-અપ મૂડીના ૨૭.૧૦% હિસ્સો ધરાવે છે.૪૦૦૦૦૦ શેરના માર્કેટ મેકર ક્વોટા અને ૬૦૦૦૦૦ શેરના પાત્ર કર્મચારીઓના ક્વોટા પછી, કંપનીએ કયુ આઈ બી માટે ૪૮.૪૨%,એચ એન આઈ માટે ૧૫.૮૪% અને નાના રોકાણકારો માટે ૩૫.૭૪% સુધી ફાળવ્યા છે. આ આઈ પી ઓ ફંડની ચોખ્ખી આવકમાંથી, તે રૂ. ૪.૨૫ કરોડ. કાર્યકારી મૂડી માટે, અને બાકીના સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે ઉપયોગમાં લેશે. લગભગ ૮૦% આઈ પીઓ ઓ એફ એસ દ્વારા થાય છે અને આ વિચિત્ર ફાળવણી રોકાણકારો માટે થોડી આશ્ચર્યજનક છે.

હોલાની કન્સલ્ટન્ટ્સ પ્રા. લિ. આ ઈસ્યુ માટે એકમાત્ર લીડ મેનેજર છે અને બિગશેર સર્વિસીસ પ્રા. લિ. ઈશ્યૂના રજિસ્ટ્રાર છે. હોલાની કન્સલ્ટન્ટ્સ પ્રા. લિમિટેડ કંપનીની માર્કેટ નિર્માતા પણ છે.

સમાન ધોરણે પ્રારંભિક ઈક્વિટી શેર જારી કર્યા પછી, કંપનીએ માર્ચ ૨૦૧૧ અને જાન્યુઆરી ૨૦૨૩ વચ્ચે શેર દીઠરૂ.૧૪ - રૂ. ૧૦૦ની કિંમતની શ્રેણીમાં વધુ ઈક્વિટી શેર જારી કર્યા હતા. તેણે માર્ચ ૨૦૧૨માં ૩ માટે ૧ના રેશિયોમાં બોનસ શેર પણ જારી કર્યા હતા. કંપનીએ જાન્યુઆરી ૨૦૨૩માં કેટલાક એચ એન આઈ માટે રૂ.૫૬ પ્રતિ શેર ના ભાવે ૧૮૦૦૦૦૦ શેરનું પ્રી-આઈપીઓ પ્લેસમેન્ટ કર્યું છે. પ્રમોટરો દ્વારા શેર ખરીદવાની સરેરાશ કિંમત રૂ. ૭.૫૦, રૂ. ૭.૭૮, રૂ. ૮.૫૯, અને રૂ. ૧૯.૫૦ પ્રતિ શેર છે.

આ ઈશ્યૂ પછી, આ કંપનીની વર્તમાન પેઈડ-અપ ઈક્વિટી મૂડી રૂ.૨૧.૭૪ કરોડ છે જે વધીને રૂ.૨૨.૭૯ કરોડ થશે.આઈ પી ઓ ની ઉપરની સપાટીની કિંમતના આધારે, આ કંપની રૂ.૧૨૯.૮૯ કરોડનું માર્કેટ કેપ નિહાળી રહી છે.

મેનેજમેન્ટના જણાવ્યા અનુસાર, ઈમર્જિંગ ઈન્ડિયા ફંડ્સે ૨૦૧૫ માં કંપનીને જરૂરી મૂડી ભંડોળ પૂરું પાડ્યું હતું અને ફંડનો પાંચ વર્ષનો સમયગાળો હોવાથી,ઓ એફ એસ માટેનો આઆઈ પી ઓ૨૦૨૦ માટે નિર્ધારિત કરવામાં આવ્યો હતો, પરંતુ રોગચાળાને કારણે, તેમાં વિલંબ થયો હતો અને હવે આખરે તે થઈ રહ્યું છે. ઈમર્જિંગ ફંડ્સ સંપૂર્ણપણે ઓ એફ એસ સાથે કંપનીમાંથી બહાર નીકળી રહ્યું છે.

આર્થિક દેખાવ

આર્થિક દેખાવને મોરચે, છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં , આ કંપનીએ (કોન્સોલીડટેડ ધોરણે)ટર્નઓવર / ચોખ્ખો નફો રૂ. ૪૨૬.૧૯ કરોડ / રૂ. ૩.૬૧ કરોડ (ના. વ. ૨૦), રૂ. ૪૨૨.૭૨ કરોડ / રૂ. ૫.૦૩ કરોડ (ના. વ.૨૧), અને રૂ. ૫૨૪.૫૮ કરોડ / રૂ. ૭.૦૦ કરોડ(ના. વ. ૨૨) નોંધાવેલ છે.તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ પુરા થતા ના. વ. ૨૩ના પૂર્વાર્ધમાં તેણે રૂ. ૩૩૯.૫૪ કરોડના ટર્નઓવર પર રૂ.૪.૨૮ કરોડ ચોખ્ખો નફો કરેલ છે.

હાલમાં, કંપનીની નિકાસ આવક કુલ ટર્નઓવરના આશરે ૧૦% છે અને ઉચ્ચ માર્જિન ઉત્પાદનો સાથે તેના પોર્ટફોલિયોના આયોજિત વિસ્તરણ સાથે, તે આગામી થોડા વર્ષોમાં ૩૫-૪૦% નિકાસ આવક જોવાનું લક્ષ્ય રાખે છે.

છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં આ કંપનીએ સરેરાશ શેર દીઠ આવક રૂ.૨.૯૦ અને સરેરાશ આર ઓ એન ડબલ્યુ૯.૦૭ ટકા દર્શાવેલ છે.તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૨ના એન એ વી રૂ.૩૫.૩૮ મુજબ આ ઈસ્યુનો ભાવ ૧.૬૧ ના પી/બીવીથી આવે છે, અને ઈશ્યૂ પછીના એન એ વી રૂ.૩૮.૦૦ ના આધારે ૧.૫ ના પી/બીવીથી આવે છે.

જો આપણે ના. વ. ૨૩ ની કમાણી ને આઈ પી ઓ પછીની સંપૂર્ણ પાતળી પેઈડ-અપ ઈક્વિટી મૂડી પર ગણીએ, તો માગવામાં આવેલ કિંમત ૧૫.૧૬ ના પી/ઈ પર આવે છે,આમ તેની વર્તમાન કમાણીના આધારે, ઈશ્યુ સંપૂર્ણ કિંમતનો દેખાય છે, પરંતુ તેની વૃદ્ધિ યોજનાઓને ધ્યાનમાં લેતા, આ એક લાંબી રેસનો ઘોડો છે.

ડિવિડન્ડ પોલિસી:

કંપનીએ ઓફર ડોકયુમેન્ટમાં અહેવાલના સમગાળા દરમ્યાન કોઈ ડિવિડન્ડ જાહેર કરેલ નથી. તે તેની નાણાકીય કામગીરી અને ભાવિ સંભાવનાઓના આધારે યોગ્ય ડિવિડન્ડ નીતિ અપનાવશે.

*લીસ્ટેડ સમાન કંપનીઓ સાથે સરખામણી*

ઓફર ડોક્યુમેન્ટ મુજબ, કંપનીએ પ્રિસિઝન વાયર્સ, રાજનંદિની મેટલ્સ, રામરત્ન વાયર્સ, ક્યુબેક્સ ટ્યુબિંગ્સ અને ભાગ્યનગર ઈન્ડિયાને તેમના લિસ્ટેડ પીઅર તરીકે દર્શાવ્યા છે. તેઓ હાલમાં લગભગ ૧૬.૮૬, ૨૮.૩૭, ૧૪.૩૦, ૧૮.૮૧ અને ૫૧.૩૨ (ફેબ્રુઆરી ૦૩, ૨૦૨૩ મુજબ) નાપી/ઈ પર ટ્રેડ કરી રહ્યાં છે. જો કે, તેઓ ખરેખર ચૂસ્ત રીતે તુલનાત્મક નથી.

મર્ચંટ બેંકરનો ટ્રેક રેકર્ડ

છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં (ચાલુ એક સહિત) હોલાની કન્સલ્ટન્ટ્સ તરફથી આ ૪થો આદેશ છે. છેલ્લી ૩ લિસ્ટિંગમાંથી લિસ્ટિંગની તારીખે ૨આઈ પી ઓ ઑફર કિંમત કરતાં નીચે બંધ થયા છે.

નિષ્કર્ષ / રોકાણ વ્યૂહરચના

કંપની તેના નફાના માર્જિન દ્વારા દર્શાવ્યા મુજબ અત્યંત સ્પર્ધાત્મક સેગમેન્ટમાં કાર્યરત છે. તેના પર ચિંતાજનક દેવું છે (૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૨ સુધીમાં રૂ. ૧૩૬.૭૧ કરોડ, રોકડ-ક્રેડિટ સુવિધા સહિત),આઈ પી ઓ ક્વોટાની વિચિત્ર ફાળવણી અને ૮૦% થી વધુ આઈ પી ઓ ઓ એફ એસ દ્વારા છે. ટોપ અને બોટમ લાઈનમાં સતત વૃદ્ધિ એ એકમાત્ર હકારાત્મક પરિબળ છે. તેની ના. વ. ૨૩ની કમાણીના આધારે, ઈશ્યૂ સંપૂર્ણ કિંમતનો દેખાય છે. સારી રીતે જાણકાર રોકડ સરપ્લસ ધરાવતા રોકાણકારો લાંબા ગાળાના પરિપ્રેક્ષ્ય સાથે રોકાણ કરવાનું વિચારી શકે છે.

DISCLAIMER: No financial information whatsoever published anywhere here should be construed as an offer to buy or sell securities, or as advice to do so in any way whatsoever. All matter published here is purely for educational and information purposes only and under no circumstances should be used for making investment decisions. Readers must consult a qualified financial advisor prior to making any actual investment decisions, based on information published here. With entry barriers, SEBI wants only well-informed investors to participate is such offers. With crazy recent listings, SME IPOs have started drawing the attention of investors across the board. However, as SME issues have entry barriers and continued low preference from broking community, any reader taking decisions based on any information published here does so entirely at own risk. Above information is based on information available as on date coupled with market perceptions. Author has no plans to invest in this offer

# સંયુક્ત રાષ્ટ્રમાં સુધાર

ભારતના પ્રવાસે આવેલા સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના અધ્યક્ષ સાબા કોરોસીએ અહીં જે ગંભીરતાથી સુરક્ષા પરિષદમાં સુધારનો મુદ્દો ઉઠાવ્યો તે ધ્યાન આપવા જેવો છે. તેમણે કહ્યું કે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ પોતાના હાલના સ્વરૂપમાં પંગુ થઈ ગઈ છે. જોકે સુરક્ષા પરિષદમાં સુધારનો મુદ્દો કોઈ નવો નથી. ભારત સહિત કેટલાય અન્ય દેશો છેલ્લા કેટલાય વર્ષોથી તેની માંગ કરતા આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ એકથી વધુ અવસરો પર આંતરરાષ્ટ્રીય મંચોથી આ બાબતે અવાજ ઉઠાવી ચૂક્યા છે. થોડા દિવસ પહેલાં વોઈસ ઓફ ધ ગ્લોબલ સાઉથ સમિટમાં વિદેશ મંત્રી એસ.જયશંકરે પણ કહ્યું હતું કે સંયુક્ત રાષ્ટ્ર ૧૯૪૫માં બનાવવામાં આવેલ એક 'ફ્રોઝન મિકેનિઝમ' બનીને રહી ગયું છે. મુશ્કેલી એ છે કે ભારત દ્વારા ઉઠાવવામાં આવતી આ માંગને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની સ્થાયી સદસ્યતા મેળવવાની તેની આકાંક્ષા સાથે જોડીને જોવામાં આવે છે. પરિણામ એ આવ્યું કે અલગ-અલગ પ્રસંગોએ વિભિન્ન દેશ સંયુક્ત રાષ્ટ્રની સ્થાયી સદસ્યતા અપાવવામાં ભારતને સમર્થનનું આશ્વાસન આપતા રહ્યા, પરંતુ તેઓ આ બાબતે ગંભીર ન થયા. તેથી અલગ-અલગ મંચો પરથી આ મુદ્દો ઉઠાવવા છતાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં ક્યારેય આ મતલબનો કોઈ પ્રસ્તાવ પસાર ન થયો.

પરંતુ યુક્રેન યુદ્ધે આ આંતરરાષ્ટ્રીય સંસ્થાની વધતી અપ્રાસંગિકતાને એક ઝાટકે ઉજાગર કરી દીધી. ખુદ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના અધ્યક્ષ એ વાતની પુષ્ટિ કરતાં કહે છે કે આખી દુનિયા સાક્ષી છે, કેવી રીતે સુરક્ષા પરિષદના એક સ્થાયી સદસ્યએ પોતાના પડોશી દેશ પર આક્રમણ કર્યું, તેની ક્ષેત્રીય અખંડતાનું ઉલ્લંઘન કર્યું અને સુરક્ષા પરિષદ કોઈ નિર્ણય ન કરી શકી. કારણ હતું એ સદસ્યનો વીટો પાવર. સ્પષ્ટ છે કે જે વીટો પાવર સુરક્ષા પરિષદના પાંચેય સદસ્યોને એ હેતુથી આપવામાં આવ્યો હતો કે આ સંસ્થા વધુ કારગત બને અને દુનિયાને યુદ્ધથી બચાવે, તે જ હવે આ સંસ્થાના પગની બેડી સાબિત થઈ રહ્યો છે. હવે તેમાં સહેજ પણ શંકા નથી રહી કે સંયુક્ત રાષ્ટ્રના મંચ પર અને તેના કામકાજમાં દુનિયાની હાલની ભૂરાજનીતિની હકીકત નથી ઝલકતી. પરંતુ અડચણ હજુ પણ સૌથી મોટી એ જ છે, સદસ્ય રાષ્ટ્રોમાં એકમતનો અભાવ. જાણકારો અનુસાર, હાલમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના ૧૯૩ સદસ્ય રાષ્ટ્રો વચ્ચે પાંચ નેગોશિએટિંગ ગ્રુપ સક્રિય છે અને તે બધા એકબીજાનો તોડ બનેલા છે. સુરક્ષા પરિષદના સદસ્યો પર સુધારનો એજન્ડા આગળ વધારવાનું વાસ્તવિક દબાણ ત્યારે જ બનશે, જયારે મહાસભા દ્વારા તેમને પ્રસ્તાવ મોકલવામાં આવશે. પરંતુ આ થતું નથી અને વાત આગળ વધતી નથી. એકંદરે ભારત જેવા દેશનો સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં સ્થાયી સદસ્યતાનો દાવો ઘણો મજબૂત છે.

Printed, Published and Owned by NARENDRA G. JOSHI and Printed at Bhoomi Offset Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, AHMEDABAD - 380002 and published from H-115/991, Nirmal Appartments, Opp. Jaymangal BRTS Bus Stop, 132' Ring Road, Naranpura, AHMEDABAD-380 063. Editor- NARENDRA G. JOSHI.

### ’અમદાવાદ આંધ્ર મહાસભા’ના ડાયમંડ જ્યુબીલી સોવેનિયરનું વિમોચન

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશમાં સર્વ ધર્મ - સમભાવની કાર્ય પ્રણાલી વિકસાવી રાજ્યમાં કાપડ, ટેકનોલોજી, રસાયણ, ફાર્મા સહિતના ઉદ્યોગોમાં તેલુગુ લોકોનું વિશેષ યોગદાન : મુખ્યમંત્રી

**(ગાંધીનગર માહિતી બ્યુરો)**

ગાંધીનગર,તા.૦૫

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે એસ.જી.હાઈવે સ્થિત બાલાજી મંદિર ખાતે ’અમદાવાદ આંધ્ર મહાસભા’ ના ૭૫ વર્ષ પૂર્ણ થવા પર હિરક જયંતિ મહોત્સવની ઉજવણી પ્રસંગે ડાયમંડ જ્યુબીલી સોવેનિયરનું વિમોચન કર્યું હતું.

આ ડાયમંડ જયુબીલી સોવેનિયરના વિમોચન પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દેશની આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે જ અમદાવાદ આંધ્ર મહાસભા (AAMS) ના અસ્તિત્વના ૭૫ વર્ષ પૂર્ણ થયા છે અને સંસ્થા તેના હિરક જયંતિ મહોત્સવની ઉજવણી કરી રહી છે તે આનંદની બાબત છે.



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વધુમાં જણાવ્યું હતું કે, વિશ્વના સૌથી લોકપ્રિય નેતા અને આપણા યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં નાત-જાત, ઊંચનીચ, ધર્મ અને ભાષાના ભેદભાવ વગરની સર્વ ધર્મ સમભાવની કાર્યપ્રણાલી વિકસાવી છે. તેમણે શરૂ કરેલા સેવાકાર્યો અને પ્રજાકીય કાર્યોમાં હંમેશા પ્રજાનો સાથ સહકાર અને પ્રભુના આશીર્વાદ સાંપડ્યા છે.

અમદાવાદ બાલાજી મંદિર દિવ્ય સંકુલના નિર્માણકાર્યમાં પણ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈનું માર્ગદર્શન પ્રાપ્ત થયું છે તથા વડાપ્રધાનશ્રીએ જ આ મંદિર માં પ્રથમ દર્શન કરીને ભગવાન બાલાજીના આશીર્વાદ મેળવ્યા હતા.

અમદાવાદ આંધ્ર મહાસભા (AAMS)ના કાર્યો અને ગુજરાતના વિકાસમાં તેલુગુ પરિવારોના પ્રદાન અંગે વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ’અમદાવાદ આંધ્ર મહાસભા’ રકતદાન, અન્નદાન, વિદ્યાદાન સહિતના અનેક સામાજિક કાર્યો સાથે જોડાયેલી સંસ્થા છે. આપણી સામાજિક- સાંસ્કૃતિક પરંપરાઓ હંમેશા સૌને સાથે લઈને ચાલનારી રહી છે અને ’અમદાવાદ આંધ્ર મહાસભા’ તેનું સુપેરે પાલન કરી રહી છે. વિવિધ રીત- રિવાજોનું પાલન કરતા અને વિવિધ ભાષાઓ બોલતા લોકો દેશમાં ’વિવિધતામાં એકતા’ ના મૂળ મંત્રને સાર્થક કરે છે.

ગુજરાતમાં વર્ષોથી વસેલા તેલુગુ પરિવારોનો ગુજરાતના સર્વાંગી વિકાસમાં મહામૂલો ફાળો રહેલો છે. રાજ્યમાં કાપડ, ટેકનોલોજી, રસાયણ, ફાર્મા સહિતના ઉદ્યોગોમાં વર્ષોથી તેલુગુ લોકો પોતાનું વિશેષ યોગદાન આપતા રહ્યાં છે. ગુજરાતમાં વસેલા અન્ય રાજ્યના પરિવારો આ રીતે વર્ષોથી પરિશ્રમ દ્વારા સમાજ અને રાજ્યના વિકાસમાં યોગદાન અર્પણ કરીને ખરાં અર્થમાં ’સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ, સૌનો પ્રયાસ’ના વિચારને સાર્થક કરી રહ્યા છે.

મુખ્યમંત્રીશ્રી એ વધુમાં જણાવ્યું હતું કે, ભારતની ભાતીગળ સંસ્કૃતિ આઝાદીની લડાઈના સમયથી લઈને આજ સુધી આધ્યાત્મિક ચેતનાના બળ પર વિવિધ પડકારો સામે ટકી રહી છે તથા દિવસેને દિવસે વધુ મજબૂત અને વિકસિત બની છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના કુશળ નેતૃત્વ હેઠળ દેશની ધાર્મિક અને રાષ્ટ્રીય એકતા વધુ મજબૂત બની છે. દેશના વિવિધ ધાર્મિક અને આધ્યાત્મિક સંસ્થાનો દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપી રહ્યા છે અને લોકોને દેશના વિકાસની મુખ્યધારામાં જોડી રહ્યા છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર ભાઈ મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ આજે દેશને ’આત્મનિર્ભર ભારત’ અને ’એક ભારત, શ્રેષ્ઠ ભારત’ બનાવવાના ઉમદા ધ્યેય સાથે દેશના સૌ સમુદાય એકસાથે મળીને પ્રયાસ કરી રહ્યાં છે તે અનુકરણીય છે.

આજે ’વસુધૈવ કુટુંમ્બકમ’ ની ભાવના સાથે ભારત દેશ અમૃતકાળમાં વિશ્વ ગુરુ બનવા તરફ આગળ વધી રહ્યો છે ત્યારે ગુજરાત અને દેશના સૌ રાજ્યો આ જ રીતે વધુને વધુ સાથ સહકાર દ્વારા રાષ્ટ્ર ઉત્થાન માટે વધુ ને વધુ પ્રયત્નશીલ બનશે એમ તેમણે ઉમેર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે , બે દિવસ સુધી અમદાવાદ બાલાજી મંદિર ખાતે ચાલનારા આ હિરક મહોત્સવ પ્રસંગની ઉજવણી દરમિયાન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો તથા સમાજના વિવિધ પ્રતિભાશાળી લોકોના સન્માનના કાર્યક્રમો યોજાશે.

આ પ્રસંગે અમદાવાદ આંધ્ર મહાસભા (AAMS)ના સભ્યો, ટ્રસ્ટીગણ, દાતાશ્રીઓ અને તેમના પરિવારજનો સહિત મોટી સંખ્યામાં અમદાવાદમાં વસતાં તેલુગુ પરિવારો ઉપસ્થિત રહ્યા હતા.

## અભિનેત્રી હિના ખાને એક્ટિંગ ઈન્ડસ્ટ્રીમાં ૧૪ વર્ષ પૂરાં કર્યાં

મુંબઈ, તા.૫

હિના ખાને એક્ટિંગ ઈન્ડસ્ટ્રીમાં ૧૪ વર્ષ પૂરા કરી લીધા છે. જો કે, તેને આ વાત પર હજી વિશ્વાસ આવી રહ્યો નથી. પરંતુ અત્યારસુધીની તેની જર્ની અદભુત રહી છે, તેમ તેનું કહેવું છે. ’યે રિશ્તા ક્યા કહેલાતા હૈ’માં આઠ વર્ષ સુધી અક્ષરાની ભૂમિકા ભજવવાથી લઈને, બિગ બોસ ૧૧ના ફિનાલે રિયલ હિના ખાન તરીકે બહાર આવવા અને ૨૦૧૯માં કાન ફિલ્મ ફેસ્ટિવલના રેડ કાર્પેટ પર પહેલીવાર ચાલવા સુધી, તેણે લાંબી સફર ખેડી છે. એક્ટ્રેસે કહ્યું કે ’મારી સાથે જે કંઈ થયું તે ભગવાનની ઈચ્છા હતી. મારા જેવી વ્યક્તિ જે અહીં કોઈ ગોડફાધર વગર આવી છે, તેના માટે દરેક તક હાઈલાઈટ સમાન રહી છે અને દરેક બાબત માટે આભારી છું. ડેબ્યૂ રોલે હિના ખાનને એક એક્ટર તરીકે વિકસિત થવામાં ઘણી મદદ કરી. તેણે જણાવ્યું કે, ’હું આઠ વર્ષ સુધી યે રિશ્તા ક્યા કહેલાતા હૈનો ભાગ હતી. હું નસીબદાર હતી કે અક્ષરા તરીકેની મારી ભૂમિકા સતત વિકસિત થતી રહી અને તેણે મને ઘણી ઓળખ આપી. જીવનમાં કંઈ પણ સરળતાથી મળતું નથી અને હિના ખાને પણ ઘણો સંઘર્ષ કરવો પડ્યો હતો. તેણે સ્વીકાર્યું કે, શોબિઝમાં કરિયર બનાવવા માટે તેણે ઘણી મહેનત કરવી પડી છે. તેણે કહ્યું ’મેં ખૂબ જ મહેનત કરી છે અને તેની અસર મારી હેલ્થ પર પણ પડી છે. મેં મારું સપનું પૂરું કર્યું છે અને આ પ્રોફેશને મને ઘણું આપ્યું છે. તેથી, હું હંમેશા એક્ટિંગમાં કરિયર બનાવવા માગતા યુવાનોને ધીરજ રાખવા અને આકરી મહેનત કરવા માટે તત્પર રહેવાની સલાહ આપીશ. આ સિવાય તેમણે પોતાના પર પણ સતત કામ કરવું પડશે. હું તેવી વ્યક્તિ છું જેને શીખવું ગમે છે અને હું મારી ખામીઓને સ્વીકારું છું. તમારામાં ક્યા અભાવ છે તે જોવાની અને તેમાં સુધારો કરવો તે મહત્વનું છે. તે મને સારી પર્ફોર્મર અને શિષ્ટ વ્યક્તિ બનાવે છે’. પર્સનલ ફ્રંટની વાત કરીએ તો, હિના ખાને મહામારી દરમિયાન તેના પિતા ગુમાવ્યા હતા અને આ તેના જીવનનો સૌથી મુશ્કેલ સમય હતો. ’હું હજી સુધી તેમાંથી બહાર આવી નથી, પરંતુ તે જીવનનો એક ભાગ છે અને હું મારા પરિવાર સાથે સારું બોન્ડિંગ શેર કરું છું. હું મારા અંગત જીવનમાં ખુશ પણ છું.

## વિનોદ કાંબલીએ નશામાં પત્ની સાથે મારપીટ કરતાં નોંધાઈ ફરિયાદ

મુંબઈ, તા.૫

મુંબઈના બાંદ્રા પોલીસ સ્ટેશનમાં ભારતના પૂર્વ ક્રિકેટર વિનોદ કાંબલી વિરુદ્ધ ફરિયાદ દાખલ થઈ છે.

બાંદ્રા પોલીસે વિનોદ કાંબલીની પત્ની એન્ડ્રિયાના નિવેદનના આધારે આઈપીસીની કલમ ૩૨૪ અને ૫૦૪ હેઠળ ફરિયાદ દાખલ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. વિનોદ કાંબલીની પત્ની એન્ડ્રિયાએ વિનોદ કાંબલી વિરુદ્ધ નશામાં અપશબ્દો બોલવાની અને મારપીટનો આરોપ લગાવ્યો છે. ત્યારે પોલીસ ગમે ત્યારે વિનોદ કાંબલીની ધરપકડ કરી શકે છે. હાલ વિનોદ કાંબલી પર ધરપકડની તલવાર લટકતી નજરે પડી રહી છે. પોલીસે આ મામલે ફરિયાદ નોંધી છે, પરંતુ આ મામલે હજુ સુધી વિનોદ કાંબલીની ધરપકડ થઈ નથી. વિનોદ કાંબલી પર કથિત રીતે પોતાની પત્ની એન્ડ્રિયા પર જમવાનું બનાવવામાં ઉપયોગમાં લેવાતા તવાના હેન્ડલથી મારવાનો આરોપ લાગ્યો છે. જેનાથી તેની પત્નીના માથાના ભાગે ઈજા પહોંચી હતી. કહેવામાં આવી રહ્યું છે કે, ઘટના બાદ કાંબલીના ૧૨ વર્ષીય દીકરાએ તેમને શાંત કરાવવાનો પ્રયાસ કર્યો પણ તેઓ શાંત થવાના બદલે ગુસ્સે થઈ ગયો હતો. એ પછી તેની પત્નીએ પોલીસ સ્ટેશનનો સહારો લીધો હતો.

પોલીસના જણાવ્યા મુજબ, વિનોદ કાંબલીની પત્નીએ પોલીસનો સંપર્ક કર્યો હતો અને એ પહેલાં મુંબઈની ભાભા હોસ્પિટલમાં પોતાની સારવાર કરાવી હતી. પત્નીના જણાવ્યા મુજબ, વિનોદ કાંબલી નશામાં ધૂત થઈને ઘરે આવ્યો હતો અને પછી અપશબ્દો બોલ્યો હતો. બાદમાં તેણે તેને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો પણ તે સમજ્યો નહીં. સમજાવવા જતા તે ઉશ્કેરાઈ ગયો હતો અને હુમલો કર્યો હતો. મુંબઈ પોલીસે નિવેદન જાહેર કરતા કહ્યું કે, પૂર્વ ક્રિકેટર વિનોદ કાંબલી વિરુદ્ધ મુંબઈના બાંદ્રા પોલીસ સ્ટેશનમાં તેમની પત્ની એન્ડ્રિયાની ફરિયાદના આધારે ફરિયાદ નોંધવામાં આવી છે. તેણે ફરિયાદમાં કહ્યું છે કે, વિનોદ કાંબલી અપશબ્દો બોલ્યા હતા અને દારુના નશામાં તેની સાથે મારપીટ કરી હતી. જો કે, હજુ સુધી વિનોદ કાંબલીની ધરપકડ થઈ નથી.

## ભારતીય રેલવે શરૂ કરશે ભારત ગૌરવ AC ટૂરિસ્ટ ટ્રેન

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા.૫

ભારતીય કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન (IRCTC) ‘એક ભારત શ્રેષ્ઠ ભારત’ યોજના હેઠળ ભારત ગૌરવ ડીલક્સ છઝ પ્રવાસી ટ્રેન ચલાવશે. આ ગરવી ગુજરાત યાત્રા ૨૮ ફેબ્રુઆરીએ દિલ્હી સફદરજંગ સ્ટેશનથી શરૂ થશે. આ ટ્રેન પ્રવાસ સરકારની એક ભારત શ્રેષ્ઠ ભારત યોજના હેઠળ તૈયાર કરવામાં આવ્યો છે.

ભારતના વાઈબ્રન્ટ ગુજરાતના વારસાને પ્રદર્શિત કરવા માટે બનાવવામાં આવેલ છે. ફર્સ્ટ એસી અને સેકન્ડ એસી ક્લાસ સાથેની અત્યાધુનિક ભારત ગૌરવી ડીલક્સ એસી ટૂરિસ્ટ ટ્રેન ૮ દિવસ માટે તમામ પ્રવાસ માટે ચલાવવામાં આવશે. પ્રવાસી ટ્રેનમાં ૪ ફર્સ્ટ એસી કોચ, ૨ સેકન્ડ એસી કોચ, એક સુસજ્જ પેન્ટ્રી કાર અને બે રેલ રેસ્ટોરન્ટનો સમાવેશ થાય છે. જેમાં એક સાથે ૧૫૬ પ્રવાસીઓ માટે બેઠક વ્યવસ્થા કરવામાં આવી છે. ગુજરાતના મુખ્ય યાત્રાધામો અને હેરિટેજ સ્થળો એટલે કે સ્ટેચ્યુ ઓફ યુનિટી, ચાંપાનેર, સોમનાથ, દ્વારકા, નાગેશ્વર, બેટ દ્વારકા, અમદાવાદ, મોઢેરા અને પાટણ પ્રવાસના મુખ્ય આકર્ષણો હશે. પ્રવાસીઓ આ ટૂરિસ્ટ ટ્રેનમાં ગુરુગ્રામ, રેવાડી, રિંગાસ, ફુલેરા અને અજમેર રેલ્વે સ્ટેશનો પર પણ આ પ્રવાસી ટ્રેનમાં બોર્ડ/ડીબોર્ડ કરી શકે છે. ગ્રાહકોની સુવિધા માટે, IRCTC એ પેમેન્ટ ગેટવેની સાથે ગ્રાહકોને EMI ચુકવણીનો વિકલ્પ પણ આપવામાં આવ્યો છે.

## કાર્ટૂન કોર્નર





# શેરા એનર્જી લિમિટેડ એનએસઈ - એસએમઈ આઈપીઓ

## ISO ૯૦૦૧:૨૦૧૫, ISO ૧૪૦૦૧:૨૦૧૫ અને ISO ૪૫૦૦૧:૨૦૧૮ પ્રમાણિત કંપની. મુખ્યત્વે કોપર અને એલ્યુમિનિયમ નોન-ફેરસ ધાતુઓમાંથી બનેલા વાઇન્ડિંગ વાયર અને સ્ટ્રીપ્સ બનાવે છે.

SHERA

**ઈસ્યુ ખુલશે : ૦૭ ફેબ્રુઆરી. ૨૦૨૩**
**ઈસ્યુ બંધ થશે : ૦૯ ફેબ્રુઆરી. ૨૦૨૩**

**મધ્યમ થી લાંબા ગાળા માટે અરજી કરી શકાય**

**અમારો દ્રષ્ટિકોણ**

અમે શેરાને નોન-ફેરસ ધાતુઓ માટે વૈશ્વિક સ્તરે વખાણાતી બ્રાન્ડ બનવાની અને વૈશ્વિક શક્તિ અને ઉર્જા ક્ષેત્ર માટે ગુણવત્તાનું પ્રતિક બનવાની કલ્પના કરીએ છીએ.



૨૦૦૯ માં સ્થાપિત, શેરા એનર્જી લિમિટેડ ઉત્પાદનના વ્યવસાયમાં રોકાયેલ છે. કંપની મુખ્યત્વે તાંબા અને એલ્યુમિનિયમની બિન-ફેરસ ધાતુઓમાંથી બનેલા વાઈન્ડિંગ વાયર અને સ્ટ્રીપ્સનું ઉત્પાદન કરે છે. સાથોસાથ, તેઓ તાંબા અને પિત્તળના વાયર સળિયા, વાયર અને ટ્યુબ જેવા ઉત્પાદનો પર પણ પ્રક્રિયા કરે છે.

તેઓ ગ્રાહકોની જરૂરિયાતોને આધારે ઉત્પાદન હાથ ધરે છે, તેથી તેઓ તેમના ગ્રાહકોને અનુરૂપ કસ્ટમાઈઝ્ડ છે ઉત્પાદન કરે જેવા કે : પેપર કવર્ડ વાયર.

એનેમલ અને ફાઈબરથી કવર્ડ વાયર

રાઉન્ડ વાયર

લંબચોરસ વાયર

બંચ્ડ વાયર

ટ્યુબ

સળિયા

સ્ટ્રીપ્સ

શેરા એનર્જી લિમિટેડ એ આઈ એસ ઓ ૯૦૦૧:૨૦૧૫,આઈ એસ ઓ ૧૪૦૦૧:૨૦૧૫ અને આઈ એસ ઓ ૪૫૦૦૧:૨૦૧૮ પ્રમાણિત કંપની છે. તેને પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા તરફથી વિવિધ ઉત્પાદનો માટે વેન્ડર મંજૂરીની માન્યતા પ્રાપ્ત થઈ છે. એન્ટિટી દ્વારા ડિઝાઈન અને ઉત્પાદિત તમામ ઉત્પાદનોને સર્વોચ્ચ ગુણવત્તાની ખાતરી કરવા માટે વિવિધ પરિમાણો પર નેશનલ ટેસ્ટ હાઉસ અને ઈલેક્ટ્રિકલ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસોસિએશન દ્વારા પરીક્ષણ અને પ્રમાણિત કરવામાં આવે છે.

**ઈશ્યૂનો હેતુ:**

આ ઈશ્યૂના મુખ્ય ઉદ્દેશો નીચ ેમુજબ છે:-

- કંપનીની કાર્યકારી મૂડીની જરૂરિયાતોને ભંડોળ પૂરું પાડવું;
- કોર્પોરેટ સામાન્ય હેતુઓ.

### ઈસ્યુની વિગત

| | | |
|---|---|---|
| ઈસ્યુનો પ્રકાર | : | બુક બિલ્ટ ઈશ્યૂ ઓફર |
| ઈશ્યુ સાઈઝ | : | ૬,૧૭૬,૦૦૦ ઈક્વિટી શેર |
| ફ્રેશ ઈસ્યુ | : | ૧,૦૪૮,૦૦૦ ઈક્વિટી શેર |
| ઈશ્યુ સાઈઝ રકમમાં | : | રૂ.૫.૯૭ કરોડ |
| ઓફર ફોર સેલ | : | ૫,૧૨૮,૦૦૦ ઈક્વિટી શેર |
| ઈશ્યુ સાઈઝ રકમમાં | : | રૂ.૨૯.૨૩ કરોડ |
| ફેસવેલ્યુ | : | શેરદીઠ રૂ.૧૦ |
| ઈશ્યુ પ્રાઈસ | : | શેર દીઠ રૂ.૫૫-૫૭ પ્રતિ શેર |
| માર્કેટ લોટ | : | ૨૦૦૦ શેર અને પછી તેના ગુણાંકમાં |
| ઓછામાં ઓછી અરજી: | | ૨૦૦૦ શેર |
| લિસ્ટિંગ | : | એન એસ ઈ એસ એમ ઈ ઈમર્જ |

### ઈસ્યુનું માળખું

| | | |
|---|---|---|
| માર્કેટ મેકર હિસ્સો | ૪,૦૦,૦૦૦ | ઈક્વીટી શેર |
| કર્મચારી ગણ | ૬,૦૦,૦૦૦ | ઈક્વીટી શેર |
| એન્કર | ૧૫,૦૦,૦૦૦ | ઈક્વીટી શેર |
| ક્યુઆઈબી | ૨૫,૦૬,૦૦૦ | ઈક્વીટી શેર |
| એચ એન આઈ | ૮,૨૦,૦૦૦ | ઈક્વીટી શેર |
| રિટેઈલ ક્વોટા | ૧૮,૫૦,૦૦૦ | ઈક્વીટી શેર |

### ઈસ્યુના લીડ મેનેજર

**હોલાની કન્સલ્ટન્ટસ પ્રા. લી.**

### ઈસ્યુના રજીસ્ટ્રાર

**બીગશેર સર્વિસીસ પ્રાઈવેટ લી.**

### ઈસ્યુના માર્કેટ મેકર

**હોલાની કન્સલ્ટન્ટસ પ્રા. લી.**

### પ્રમોટર



**શ્રી શેખ નસીમ**
**પ્રમોટર,**
**ચેરમેન અને મેનેજીંગ ડાયરેક્ટર**
**ઉંમર વર્ષ ૫૨**

બેચલર ઓફ એન્જિનિયરિંગ (ઓનર્સ), ઈલેક્ટ્રિકલ.

વિવિધ ક્ષેત્રોમાં ૨૩ વર્ષનો અનુભવ ધરાવતા શેખ નસીમે "શિવાની ઈલેક્ટ્રીકલ્સ"ના નામે ટ્રાન્સફોર્મર કંપની સ્થાપી અને પછી શેરા મેટલ્સ એન્ડ એન્જીનીયર્સ અને પછી શેરા એનર્જી લિ.નો સમાવેશ કરીને વાયર ઉદ્યોગમાં પ્રવેશ કર્યો. શ્રી શેખ ઈલેક્ટ્રિકલ વાયર ઉદ્યોગ અને નોન-ફેરસ મેટલ અને એલોય મેટલ ઉદ્યોગમાં નવીનતા માટે નિમિત્ત બન્યા છે. તે શેરા એનર્જી લિ.ની બિઝનેસ વ્યૂહરચના અને બિઝનેસ વૃદ્ધિનું ધ્યાન રાખે છે. તેમની પાસે ઈશા ઈન્ફ્રાપાવર પ્રાઈવેટ લિમિટેડ, શેરા ઈન્ફ્રાપાવર પ્રાઈવેટ લિમિટેડ, શેરા મેટલ પ્રાઈવેટ લિમિટેડ, રાજપુતાના ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટરશિપ છે.



**શ્રીમતી શિવાની શેખ**
**પ્રમોટર,**
**પૂર્ણ સમયના ડાયરેક્ટર**
**ઉંમર વર્ષ ૫૧**

ધાતુ ઉદ્યોગ સહિત વિવિધ ક્ષેત્રોમાં ૨૩ વર્ષથી વધુનો અનુભવ ધરાવતી શિવાની શખે ભાગીદારી પેઢી શિવાની ઈલેક્ટ્રિકલ્સ શરૂ કરી છે. તેણીએ મે.એસ એસ સ્ટ્રક્ચરના નામ સાથે માલિકીની પેઢી પણ સ્થાપી છે. શ્રીમતી શિવાની શેખ શેરા એનર્જી લિ.નું સંચાલન જુએ છે. તેણીના વ્યવસાયિક વલણને કારણે તેણીની કંપની શેરા એનર્જી લિમિટેડને સફળતાની સીડી ચઢી જવા માટે ખૂબ જ ઓછા સમયમાં પ્રેરિત કરવામાં આવી છે. તેણી કંપનીના કર્મચારીઓ અને મેનેજમેન્ટ વચ્ચેની કડી તરીકે કામ કરે છે.

તેમની પાસે ઈશા ઈન્ફ્રાપાવર પ્રાઈવેટ લિમિટેડ, શેરા ઈન્ફ્રાપાવર પ્રાઈવેટ લિમિટેડ અને રાજપૂતાના ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડની ડિરેક્ટરશિપ છે.

**કોર્પોરેટ પ્રમોટર**

**ઈશા ઈન્ફ્રાપાવર પ્રાઈવેટ લિમિટેડ ("આઈઆઈપીએલ")**

**કોર્પોરેટ માહિતી:**

ઈશા ઈન્ફ્રાપાવર પ્રાઈવેટ લિમિટેડને કંપની એક્ટ, ૧૯૫૬ હેઠળ પ્રાઈવેટ લિમિટેડ કંપની તરીકે ૨૩ ફેબ્રુઆરી, ૨૦૧૧ના રોજ સામેલ કરવામાં આવી હતી અને રજિસ્ટ્રાર ઑફ કંપનીઝ, રાજસ્થાન દ્વારા ૨૩ ફેબ્રુઆરી, ૨૦૧૧ના રોજ ઈક્રોર્પોરેશનનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું. ઈશા ઈન્ફ્રાપાવર પ્રાઈવેટ લિમિટેડની રજિસ્ટર્ડ ઓફિસ જી-૧-૮૪, રીકો ઈન્ડસ્ટ્રીયલ એરિયા કાલદેરા, ચોમુ, રાજસ્થાન-૩૦૩૮૦૧ખાતે આવેલી છે.

**અમારી સ્પર્ધાત્મક તાકાત**

- મજબૂત, અનુભવી અને સમર્પિત વરિષ્ઠ મેનેજમેન્ટ ટીમ અને લાયક કર્મચારીઓ
- અગ્રણી ગ્રાહકો સાથે લાંબા સમયથી ચાલતા સંબંધો
- ગુણવત્તા અને સલામતી પર ધ્યાન આપો
- ઉત્પાદન સુવિધા સ્થાપી
- નવીન વિચારો

**વ્યાપાર વ્યૂહરચના**

- અમારો ગ્રાહક આધાર વિસ્તારી રહ્યા છીએ
- વળતર સુધારવા માટે ઓપરેશનલ કાર્યક્ષમતા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરો
- ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેકનોલોજીમાં રોકાણ કરો
- હાલના ઉત્પાદનોના આધાર અને ઉત્પાદનની ગુણવત્તાને વધારવી
- ગુણવત્તા પર ધ્યાન આપો
- પછાત અને આગળ એકીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરો

### મિશન

અમે અમારા ગ્રાહકોની મદદથી અમારી દ્રષ્ટિને વાસ્તવિકતામાં ફેરવવાનું લક્ષ્ય રાખીએ છીએ. અમારું લક્ષ્ય અમારા ગ્રાહકો સાથે પારદર્શક અને સહાનુભૂતિપૂર્ણ સંબંધો જાળવવાનું છે. તેમની જરૂરિયાતો વ્યક્ત કરવામાં તેમનો પ્રામાણિક પ્રતિસાદ અને આરામ શેરા ગ્રુપ માટે અમૂલ્ય છે.

અમે વિશ્વવ્યાપી ફેરફારો સાથે ચાલુ રહેવા અને અમારા ગ્રાહકોને તેમની નોન-ફેરસ જરૂરિયાતો માટે પાછા આવવા માટે વિશ્વસનીય સલામતી નેટ બનવા માટે અમારી ઉત્પાદન શ્રેણીને વિસ્તારવાનું ચાલુ રાખવાનો પણ ઈરાદો ધરાવીએ છીએ. અમારા રોકાણકારો પ્રત્યેની અમારી ઉત્તરદાયિત્વતાને અમારા ત્વરિત પ્રતિભાવો અને વેચાણ માટેની ભૂખથી પણ મદદ મળે છે.

### કંપનીની નાણાકીય વિગતો

**Shera Energy Limited Financial Information (Consolidated)** Rs. in Lakhs

| Period Ended | Total Assets | Total Revenue | Profit After Tax | Net Worth | Total Borrowing |
|---|---|---|---|---|---|
| 31-Mar-20 | 27731.94 | 42619.14 | 361.43 | 5624.34 | 11062.67 |
| 31-Mar-21 | 29315.64 | 42271.92 | 502.67 | 6075.6 | 10542.28 |
| 31-Mar-22 | 32523.73 | 52458.21 | 699.5 | 6673.35 | 11812.67 |
| 30-Sep- 22 | 33832.97 | 33953.72 | 428.25 | 7054.88 | 11437.59 |

**પેટાકંપની વિગતો**

**રાજપૂતાના ઇન્ડસ્ટ્રીઝ પ્રાઇવેટ લિમિટેડ**

રાજપુતાના ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ રિસાયક્લિંગના વ્યવસાયમાં છે.

પછાત એકીકરણ શેરા એનર્જીને ઉત્પાદન માટે તાંબાનો ખાતરીપૂર્વકનો સ્ત્રોત મેળવવા સક્ષમ બનાવે છે અને સાથે સાથે કંપનીને તાંબાના ભાવની અસ્થિરતાથી સુરક્ષિત કરે છે.

કંપની વાર્ષિક ૯૮૬૦મેટ્રીક ટનની સ્થાપિત ક્ષમતા ધરાવે છે

શેરા એનર્જી પ્રાઈવેટ લિમિટેડ હાલમાં રાજપૂતાના ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડમાં ૭૫.૩૭% હિસ્સો ધરાવે છે.

**શેરા મેટલ પ્રાઇવેટ લિમિટેડ**

શેરા મેટલ પ્રાઈવેટ લિમિટેડ બસ બાર, રાઉન્ડ, ફ્લેટ, કોપર, એલ્યુમિનિયમ અને પિત્તળની ટ્યુબના ઉત્પાદનમાં

સ્થાપિત ક્ષમતા વાર્ષિક ૯૨૭૦ મેટ્રીક ટન

શેરા મેટલ પ્રાઈવેટ લિમિટેડમાં શેરા એનર્જી ૭૩.૨૦% ધરાવે છે.

**શેરા ઇન્ફ્રાપાવર પ્રાઇવેટ લિમિટેડ**

શેરા ઈન્ફ્રાપાવર પ્રાઈવેટ લિમિટેડ પાસે ઔદ્યોગિક જમીન ૩૦,૦૪૧ ચો. મીટર છે.

શેરા એનર્જી પ્રાઈવેટ લિમિટેડ શેરા ઈન્ફ્રાપાવર પ્રાઈવેટ લિમિટેડમાં ૧૦૦% હિસ્સો ધરાવે છે.

### આર્ય સમાજ, ખરડમાં આયોજિત આઝાદીના અમૃતકાળ ઉત્સવમાં રાજ્યપાલની વર્ચ્યુઅલ ઉપસ્થિતિ

# યુવાનોને નશામુક્ત કરવા અને ગૌ-કૃષિ બચાવવા મિશનની માફક કામ કરવાની આવશ્યકતા : રાજ્યપાલ આચાર્ય દેવવ્રત

(ગાંધીનગર માહિતી બ્યુરો)

ગાંધીનગર,તા.૦૫

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, આર્ય સમાજના સ્થાપક ઋષિ દયાનંદ સરસ્વતીજીએ વર્ષો પહેલાં સમાજ સુધારણા માટે અભિયાન આદર્યું હતું. આજે પુનઃ દેશના યુવાનોને નશામુક્ત કરવા અને ગૌ-કૃષિ બચાવવા એવા જ અભિયાનની આવશ્યકતા છે. દેશ અને દુનિયાના આર્ય સમાજના લોકોને આ માટે મિશનની માફક કામ કરવા તેમણે આહ્વાન કર્યું હતું. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, આગામી ૧૨મી ફેબ્રુઆરીએ નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં ઋષિ દયાનંદજીના દ્વિશતાબ્દી મહોત્સવનો શુભારંભ થશે, જેમાં ભારતભરના અને વિદેશના ૩૫,૦૦૦ જેટલા લોકો ઉપસ્થિત રહેશે. આગામી બે વર્ષ દરમિયાન સમગ્ર વિશ્વમાં જ્યાં-જ્યાં પણ આર્ય સમાજ કાર્યરત છે ત્યાં ઋષિ દયાનંદજીએ દાખવેલી સમાજ સુધારણાની પ્રવૃત્તિ હાથ ધરાશે. ઋષિ દયાનંદજીના વિચારો માટે વિશ્વવ્યાપી આંદોલન હાથ ધરાશે. આઝાદીના અમૃતકાળ અંતર્ગત આર્ય સમાજ, ખરડ, પંજાબ દ્વારા સાત દિવસના મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવના સમાપન



સમારોહમાં વર્ચ્યુઅલી સંબોધન કરતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, આર્ય સમાજ કોઈ ધર્મ નથી, આર્ય સમાજ એક આંદોલન છે. ઋષિ દયાનંદજીએ લુપ્ત થઈ ગયેલી વેદોની પ્રાચીન પરંપરાનો આધાર લઈને સમાજ સુધારણા માટે મોટું કામ કર્યું હતું અને સ્વસ્થ સમાજનું નિર્માણ કર્યું હતું.

તે સમયે દેશ સામે અનેક પડકારો હતા. ભારત ગુલામ હતો, મહિલાઓને શિક્ષણની છૂટ નહોતી, અસ્પૃશ્યતા ચરમસીમાએ હતી, અંગ્રેજોએ ગુરુકુળ પરંપરા નષ્ટ કરી નાખી હતી, ગરીબીનું તાંડવ હતું; આવી તમામ સમસ્યાઓ સામે ઋષિ દયાનંદજીએ બુલંદ અવાજે સમાજ સુધારણાનું અભિયાન ચલાવ્યું. આર્ય સમાજીઓએ તન-મન-ધનથી યોગદાન આપ્યું. ગુરુ સ્વામી શ્રદ્ધાનંદજીએ ગુરુકુળ પરંપરાનો આરંભ કર્યો અને અન્ય શિષ્યોએ ડી.એ.વી. ચળવળથી સ્કૂલો, કોલેજોની શરૂઆત કરી. આખા દેશમાં શિક્ષણ અને ભણતરનો વ્યાપ વધાર્યો. ઋષિ દયાનંદજીના વિચારોથી પ્રભાવિત થઈને રામપ્રસાદ બિસ્મિલ, સરદાર ભગતસિંહ, લાલા લજપતરાય જેવા યુવાનો આગળ આવ્યા અને દેશ માટે બલિદાન આપ્યું. ઋષિ દયાનંદજીએ વૈજ્ઞાનિકતાથી સમાજના કુરિવાજો દૂર કર્યા. ભારતની દીકરીઓને શિક્ષણ મળે તેવી શરૂઆત કરાવી. આજે ભારતની દીકરીઓ હર એક ક્ષેત્રમાં નવા કીર્તિમાન પ્રસ્થાપિત કરી રહી છે તેના પાયામાં ઋષિ દયાનંદજીની દુરંદેશી અને એમણે કરેલું કામ છે. શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, ઋષિ દયાનંદજીએ શિક્ષણ અને સમાજ સુધારણાથી દેશમાં નવી ચેતના, નવા જાગરણના બીજ આરોપ્યા હતા. આજે પુનઃ સમાજ માટે ઘણું કામ કરવાની આવશ્યકતા છે. ડ્રગ્સ અને નશાના કુસંગે ચડેલા યુવાનોનું ભવિષ્ય બરબાદ થઈ રહ્યું છે. આર્ય સમાજે આ માટે જનઆંદોલન ઊભું કરવું પડશે. તેમણે આર્ય સમાજના સમાજ સુધારકોને સ્કૂલો, કોલેજો અને યુનિવર્સિટીઓમાં જઈને યુવાનોને નશાના દુષ્પરિણામોની જાણકારી આપવા અને તેમને નશામુક્ત કરવા જનઆંદોલન ચલાવવા આહવાન કર્યું હતું. ઋષિ દયાનંદજી કહેતા કે, જે બુદ્ધિને નષ્ટ કરનાર છે એવા પદાર્થોનું સેવન ન કરવું જોઈએ. આપણે સૌએ સાથે મળીને આ દિશામાં કામ કરવાની આવશ્યકતા છે.

ઋષિ દયાનંદજીએ ૧૮૭૫માં મુંબઈમાં આર્ય સમાજની સ્થાપના કરી હતી, તેના બે વર્ષ પહેલાં એમણે ગૌ-કૃષિ આદિ રક્ષિણી સભાની રચના કરી હતી. ગાય અને કૃષિ તેમને મન મહત્વના હતા. આજે ફરી એવો સમય આવ્યો છે કે ગાય અને પ્રાકૃતિક કૃષિ ભારતની સમૃદ્ધિનો માર્ગ પ્રશસ્ત કરી રહી છે. એમ કહીને રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, રાસાયણિક ખાતરો, કીટનાશક દવાઓ અને પેસ્ટીસાઈડ્સના બેફામ ઉપયોગને કારણે પરિસ્થિતિ એવી સર્જાઈ છે કે, સંશોધકો કહે છે કે માના દૂધમાં પણ પેસ્ટીસાઈડ્સ મળ્યા છે, જે ગર્ભસ્થ શિશુના બ્રેઈનને નુકસાન પહોંચાડે છે. રાસાયણિક ખાતરોના ઉપયોગથી અનાજની ગુણવત્તા બગડી છે, પરિણામે અનેક રોગો જોવા મળી રહ્યા છે. સંશોધન કહે છે કે, ગ્લોબલ વોર્મિંગ માટે રાસાયણિક ખેતી ૨૪% જવાબદાર છે. રાસાયણિક ખેતીથી પાણી, હવા અને ભૂમિ પ્રદૂષિત થઈ છે. જમીનની ગુણવત્તા બગડી રહી છે, અને અનાજમાં ઝેરી તત્વો ઉમેરાઈ રહ્યા છે. આ તમામ સમસ્યાઓનું સમાધાન ગૌમાતા આધારિત પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ છે. આર્ય સમાજ આ વિષયને પ્રત્યેક ખેડૂત સુધી, દરેક ઘર સુધી લઈ જવા મિશનની માફક કામ કરે. આર્ય સમાજના લોકો ટીમ બનાવીને ગામેગામ જઈને ખેડૂતોને અને લોકોને પ્રાકૃતિક કૃષિ માટે પ્રેરિત કરશે તો માનવતાનું ભલું થશે.

રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આર્ય સમાજની પ્રત્યેક સ્કૂલમાં આર્ય વીરદળની શાખાઓ શરૂ કરવાનો પણ અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, નવી પેઢીને સ્વામી દયાનંદના વિચારોથી સુપરિચિત કરાવવાની આવશ્યકતા છે. યુવાનો નિર્વ્યસની થશે તો પરિવાર ઉન્નત થશે.




અમદાવાદના બહેરામપુરા સાંકળચંદ મૂકીની ચાલી પાસે આવેલ મેદાન વર્ષો પહેલા વીમા યોજના નું દવાખાનું રહ્યું પછી બગીચો રહ્યો અને હવે આ મેદાન સાંકળચંદ મૂખીની ચાલી અને આસપાસની લગભગ ૧૦ થી ૧૨ ચાલીયો ના બધા જ લોકોના ધાર્મિક સામાજિક કાર્યકમો અહીંયા જ થાય છે એવું મેદાન કોર્પોરેશનને બિલ્ડરને વેચતા આ લોકોએ શાંતિપૂર્વક વિરોધ પ્રદર્શન કર્યું હતું.

### પાણી ગરમ કર્યા બાદ શોર્ટ સર્કિટમાં આગ લાગી

# હીટરથી લાગી આગ, આખું ઘર બળીને થઈ ગયું ખાખ

પ્રતિનિધિ દ્વારા

ગાંધીનગર, તા.પ

શિયાળાનો કહેર પોતાનો રેકોર્ડ તોડી રહ્યો છે. આ કારણે, રૂમ હીટર અથવા કોલ સ્ટવનો ઉપયોગ લગભગ તમામ ઘરોમાં સામાન્ય છે, પરંતુ જો તેના ઉપયોગમાં કેટલીક સાવચેતી રાખવામાં ન આવે તો આગ ફાટી નીકળી શકે છે. આવુ જ ગાંધીનગરમાં એક ઘરમાં થયું. ગાંધીનગરમાં હીટરના કારણે આખા ઘરમાં આગ લાગી હતી. પાણી ગરમ કર્યા બાદ અચાનક શોર્ટ સર્કિટમાં આગ લાગી હતી. આગ એટલી વિકરાળ હતી કે સમગ્ર ઘરમાં આગની ચપેટમાં આવી જવા પામ્યું હતું.

ગાંધીનગરમાં આજે હીટરને કારણે આગ લાગવાનો બનાવ બન્યો હતો. રાસયણ ખાતે ગુડાના મકાનોમાં બી બ્લોકમાં આવેલ ૩ નંબરના ઘરમાં આગ લાગી હતી. સંગીતાબેન જાદવનો ૧૭ વર્ષીય દીકરો પ્રિન્સ ઘરે એકલો હતો, તેણે ન્હાવા માટે હિટરમાં પાણી ગરમ કરવા મૂક્યુ હતું. પાણી ગરમ થઈ ગયા બાદ તે ન્હાવા ગયો ત્યારે અચાનક શોર્ટસર્કિટ થયુ હતું. જેને કારણે મકાનમાં આગ પ્રસરી હતી. આ આગમાં આખુ ઘર લપેટાયુ હતું. આગમાં સ્માર્ટ ટીવી તથા ઘરની અન્ય ઈલેક્ટ્રોનિક્સ આઈટમ બળીને સ્વાહા થઈ ગઈ હતી. જાદવ પરિવારને મોટું નુકસાન થયુ હતું.

કડકડતી ઠંડી વચ્ચે જ્યારે નહાવાની વાત આવે છે ત્યારે લોકોનો આત્મા કંપી ઉઠે છે, સ્વાભાવિક છે કે શિયાળામાં ઠંડા પાણીથી નહાવું અશક્ય છે. આવી સ્થિતિમાં, કેટલાક લોકો ગેસ પર પાણી ગરમ કરે છે અથવા કેટલાક લોકો સળિયાનો ઉપયોગ કરે છે, જો કે હવે મોટાભાગના લોકો ગીઝરને જ પ્રાધાન્ય આપે છે. કેમ કે તે સુરક્ષિત માનવામાં આવે છે, પરંતુ તમારી થોડી બેદરકારીને લીધે ગીઝરનો ઉપયોગ તમારા માટે ભારે પડી શકે છે..એવા ઘણા કિસ્સાઓ સામે આવ્યા છે જ્યારે નહાતી વખતે ગીઝર ફાટ્યું હોય અને મૃત્યુ થયું હોય. આવું કેમ થાય છે, તે જાણવું જરૂરી છે.

ઈલેક્ટ્રિક ગીઝર દરેકના ઘરમાં જોવા મળે છે. જો આ ગીઝરને લાંબા સમય સુધી ચાલુ રાખવામાં આવે તો ગીઝર ગરમ થઈ જાય છે જેથી બ્લાસ્ટ થાય છે..જ્યારે ગીઝર ચાલુ હોય છે, ત્યારે તેના બોઈલર પર દબાણ આવે છે અને લીકેજની સમસ્યા થાય છે. દબાણ વધવાથી ગીઝર ફૂટી શકે છે. જો બોઈલર લીક થાય અથવા વિસ્ફોટ થાય, તો તમે વીજ કરંટના લીધે મૃત્યુ પામી શકો છો. ગીઝરને દર બે વર્ષે રીસ્કેલ કરવું જોઈએ નહીંતર શોર્ટ સર્કિટ થવાની શક્યતાઓ વધી જાય છે.આ સિવાય મોટાભાગના ગીઝરમાં ઓટોમેટિક હીટ સેન્સર લગાવવામાં આવ્યા છે, જો આ ઓટોમેટિક સેન્સર કામ કરવાનું બંધ કરી દે તો પણ ગીઝર બ્લાસ્ટ થવાની શક્યતા વધી જાય છે.

### મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવશે

# રાતોરાત જંત્રી ડબલ કરી દેતાં ગુજરાતભરના બિલ્ડર અકળાયા

## જંત્રીના વધારાનો વિરોધ : એફોર્ડેબલ હાઉસિંગ સેક્ટરને અસર ન થાય એ રીતે જંત્રી લાગુ કરવા રજૂઆત કરશે

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા.૫

ગુજરાત સરકારે રાતોરાત જંત્રીના ભાવ ડબલ કરી દેતા રાજ્યભરના બિલ્ડરો અકળાયા છે. જંત્રી વધારા બાદ રાજ્યના ડેવલપરનું પ્રતિનિધિ મંડળ આવતીકાલે મુખ્યમંત્રીને મળશે. આવતીકાલે સવારે ૧૦ કલાકે મુખ્યમંત્રી સાથે બેઠક કરશે. અમદાવાદ ક્રેડાઈ સહિત ૪૦ સીટી ચેપટર ના પ્રતિનિધિઓ મુલાકાત માટે જશે. નવી જંત્રી ૧ મે થી લાગુ કરવા ડેવલપર દ્વારા સરકારને માંગ કરવામા આવશે. સાથે જ જંત્રીમાં રહેલ વિસંગતતાઓ દૂર કરવા પણ માંગ કરાઈ છે. આ ઉપરાંત એફોર્ડેબલ હાઉસિંગ સેક્ટરને અસર ના થાય એ રીતે જંત્રી લાગુ કરવા રજુઆત કરાશે.

રાજ્ય સરકારે જંત્રીના ભાવ બમણા કરતા બિલ્ડરો મૂંઝવણમાં મુકાયા હતા. આજે ગુજરાત ક્રેડાઈ દ્વારા વીડિયો કોન્ફરન્સથી બેઠક બોલાવાઈ હતી. ક્રેડાઈના ઉપ પ્રમુખ સુજીત ઉદાણીએ કહ્યું કે, સરકારે જંત્રીના ભાવમાં વધારો કર્યો તેનો વાંધો નથી, પરંતુ રાતો રાત વધારો ઝીંકી દેવામાં આવ્યો તેની સામે વાંધો છે. જંત્રીમાં ભાવ વધારા પહેલા સર્વે કરવો જોઈએ. બિલ્ડરો અને લોકોને સમય મર્યાદા આપવી જોઈએ. તાત્કાલિક જંત્રીના ભાવ ડબલ કરતા બિલ્ડરો અને મિલકત ખરીદનારા લોકોને મુશ્કેલી થશે. બિલ્ડરોને કરોડો રૂપિયાના પ્રોજેક્ટોમાં નુકસાની વેઠવી પડશે. જંત્રીના ભાવ વધતા અનેક દસ્તાવેજો અને આર્થિક વ્યવહારો અટક્યા છે. તેથી બિલ્ડર એસોસિએશન રાજ્ય સરકારમાં રજૂઆત કરશે.

રાતો રાત જંત્રીભાવ વધારો થતા સુરત ક્રેડાઈ બિલ્ડર એસોસિયેશન દ્વારા મીટિંગ કરવામા આવી હતી. સુરત ક્રેડાઈના ચેરમેન રાવજીભાઈ પટેલ દ્વારા જણાવાયું કે, સુરતના બિલ્ડરો વિરોધ દર્શાવાયો છે. બિલ્ડરો દ્વારા આવતીકાલે ગાંધીનગર ઝસ ને રજૂઆત કરવા જશે. મિટિંગમાં બિલ્ડરો વિરોધ જાહેર કર્યો છે. જો સરકાર કોઈ હકારાત્મક નિર્ણય નહીં લેવાય તો ગુજરાતમાં વિરોધ થશે.

*જંત્રીમાં વધારાથી પ્રજાને શું ઝટકો?*

બિલ્ડરોને જમીનની પડતર કિંમત પર વધુ સ્ટેમ્પ ડ્યૂટી ભરવી પડશે...

*પ્રોજેક્ટ કોસ્ટમાં વધારો થશે...*

દસ્તાવેજની કિંમતમાં પણ વધારો થશે...

શહેરમાં પ્રોપર્ટી ટેક્સમાં ૩૦થી ૫૦ ટકાનો વધારો થશે...

લોકો માટે હવે ઘર ખરીદવું મુશ્કેલ બનશે...

એફોર્ડેબલ મકાનના ભાવમાં વધારો થશે...

સરકારે વધારેલી જંત્રી પરત લેવા કોંગ્રસે માંગ કરી છે. કોંગ્રેસના સિનિયર વાઈસ પ્રેસીડેન્ટ જીતુ પટેલે કહ્યું કે, વિજયના ઉન્માદમાં સત્તાના મદમાં લીધેલો પ્રજા વિરોધી નિર્ણય છે. આ સરકાર પ્રજા વિરોધી છે, પ્રજાને ઘરવિહોણા બનાવવાનો કારસો છે. આ ખર્ચ બિલ્ડર પર નહી પ્રજા પર જશે. લોકોના ખિસ્સામાંથી ૩૧ હજાર કરોડ સેરવી લેવાનો કારસો છે. સ્ટેમ્પ ડ્યુટી ડબલ થશે. કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ હિંમતસિંહ પટેલે કહ્યું કે, જંત્રીનો બે થી પાંચ ટકાનો ભાવ વધારો યોગ્ય બમણી જંત્રી ન હોવી જોઈએ. સમગ્ર ગુજરાતની પ્રજા પર આર્થિક ભારણ નાંખનારો મુદ્દો છે. સિમેન્ટ અને સ્ટીલના ભાવ વધારા બાદ જંત્રીનો ભાવ વધારો પડતા પર પાટુ મારવા સમાન છે. નવી જંત્રીની સૌથી મોટી અસર ઘરનું ઘર લેવા ઈચ્છતા સામાન્ય વ્યક્તિઓનું સપનું રોળાશે. કોંગ્રેસ વિધાનસભામાં અને રસ્તા પર ઉતરી વિરોધ કરશે.

### હૃદયરોગના દર્દીઓનો જીવ બચાવવા માટે છે ઉપયોગી

# અમદાવાદની હોસ્પિટલોમાં બલૂન પમ્પની અછત વર્તાઈ

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા.૫

અમદાવાદ શહેરમાં કાર્યરત કાર્ડિયાક સર્જન્સ તેમજ કાર્ડિયોલોજીસ્ટ અત્યારે **Intra Aortic Balloon Pump (IABP)**ની અછતને કારણે ખૂબ જ પરેશાન છે. તમને જણાવી દઈએ કે, ઈમર્જન્સીની સ્થિતિમાં હૃદયરોગના દર્દીઓ માટે જ્યારે શ્વાસ લેવું મુશ્કેલ બનતું હોય છે ત્યારે દર્દીના બ્લડ પ્રેશમાં વધારો કરવા માટે આ ડિવાઈસનો ઉપયોગ કરવામાં આવે છે. એક રીતે કહી શકાય કે, આ ડિવાઈસ દર્દીનો જીવ બચાવી શકે છે. સપ્લાયર્સના જણાવ્યા અનુસાર, **100 IABP**ની માંગની સામે ૧૦થી ૧૫ જ ડિવાઈસ ઉપલબ્ધ છે. અમદાવાદ શહેરના એક કાર્ડિયોલોજીસ્ટ ડોક્ટર તેજસ પટેલ જણાવે છે કે, સામાન્ય ભાષામાં સમજવા જઈએ તો **IABP**નો ઉપયોગ હૃદયનું ભારણ ઓછું કરવા માટે થાય છે જેથી દર્દીની સ્થિતિ ગંભીર હોય ત્યારે બ્લડ પ્રેશર જળવાઈ રહે. કોઈ સર્જરી પહેલા અથવા પછી આ ડિવાઈસનો ઉપયોગ કરવામાં આવે છે તેમજ મેડિકલ મેનેજમેન્ટ માટે પણ તે વપરાય છે.

કાર્ડિયાક સર્જન ડોક્ટર અનિલ જૈન જણાવે છે કે, હૃદયરોગના દર્દીઓ માટે **IABP** અત્યંત મહત્વની ડિવાઈસ છે અને તે દર્દીનો જીવ બચાવી શકે છે. દુર્ભાગ્યવશ આ ડિવાઈસનો કોઈ બીજો વિકલ્પ પણ ઉપલબ્ધ નથી. અમે આ સમસ્યા કેન્દ્ર સરકાર સમક્ષ પણ રજૂ કરી છે, કારણકે આ સમસ્યા હૃદયરોગના દર્દીઓને મોટા પ્રમાણમાં પ્રભાવિત કરી શકે છે.

અમદાવાદ શહેરમાં કાર્યરત નિષ્ણાંતોના જણાવ્યા અનુસાર, ડિવાઈસની અછત હોવાને કારણે હોસ્પિટલો દર્દીઓને દાખલ કરવાથી ઈનકાર નથી કરી શકતા. ડોક્ટરોનો દાવો છે કે પાછલા અનેક મહિનાઓથી **IABP**નો સપ્લાય અનિયમિત થઈ ગયો છે. આ ડિવાઈસના મુખ્યત્વે ચાર ઉત્પાદકો છે- બે અમેરિકામાં છે અને એક જર્મની તેમજ એક જાપાનમાં છે. જર્મનીની કંપની ૬૦થી ૭૦ ટકા સપ્લાય કરે છે.

અમદાવાદ શહેરના એક સપ્લાયર નિર્મલ ચડ્ઢા જણાવે છે કે, આખા ગુજરાતમાં દર મહિને ૮૦થી ૧૦૦ **IABP**ની જરૂર પડે છે. ડિસેમ્બર મહિનાથી અમને નવો સ્ટોક મળ્યો જ નથી. સરકાર દ્વારા સંચાલિત મોટી હોસ્પિટલોના ઓર્ડર પણ મોટા હોય છે, પરંતુ કાર્ડિયાક વિભાગના તબીબો અત્યારે **IABP**ની તંગીનો સામનો કરી રહ્યા છે. અન્ય એક સપ્લાયર ધનવંત શાહ જણાવે છે કે, માત્ર ગુજરાત જ નહીં દેશભરમાં આ સમસ્યા છે. અમને ખબર નથી કે સપ્લાય ક્યારે શરુ થશે પરંતુ બની શકે કે **IABP** બનાવવા માટે જે કાચા માલની જરૂર પડે છે તેની તંગીને કારણે આ સ્થિતિ સર્જાઈ હોઈ શકે છે. અમદાવાદ શહેરના નિષ્ણાંતોએ સરકારને વિનંતી કરી છે કે આ સમસ્યાનું નિરાકરણ લાવવામાં આવે, જે દર્દીઓના હિતમાં છે. શિયાળાની આ ઋતુમાં હૃદયરોગના દર્દીઓની સંખ્યા વધતી હોય છે. શહેરમાં જ નહીં, રાજ્યભરમાં આ કેસમાં ૩૫ ટકા સુધીનો વધારો નોંધાયો છે, તેવામાં **IABP**ની તંગી એ મોટો પડકાર છે.

### સોનાની પિચકારીથી ભક્તો પર કેસુડાનો છંટકાવ કરાયો

# યાત્રાધામ ડાકોરમાં માઘ પૂર્ણિમાની ભવ્ય ઉજવણી

પ્રતિનિધિ દ્વારા

ખેડા, તા.૫

ખેડા જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોર ખાતે માઘ પૂર્ણિમા પર ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું છે. આજે વહેલી સવારે ૦૫:૧૫ વાગ્યે મંગળા આરતીમાં આશરે ૫૦ હજારથી વધુ ભક્તોએ દર્શનનો લાભ લીધો છે. શણગાર આરતીમાં સોનાની પિચકારીથી ભક્તો ઉપર કેસુડાના પાનનો છંટકાવ કરાયો હતો. સપ્ત રંગોથી રાજા રણછોડ અને ભક્તો વચ્ચે રંગોનો છંટકાવ થતા ભક્તો નાચી ઉઠ્યા હતા.

સમગ્ર મંદિર પરિસરમાં "ડાકોરમાં કોણ છે રાજા રણછોડ છે" ના ગગન ભેદી નારા ગુંજી ઉઠ્યા હતા. આજે મહાસુદ પૂર્ણિમા પર ઠાકોરજી એ ચતુર્ભુજ સ્વરૂપમાં શંખચક્ર, પદ્મ ગદા, રત્ન જડિત મુગટ ધારણ કર્યો હતો. આજે મહાસુદપૂર્ણિમાએ લાખો શ્રદ્ધાળુઓ રાજા રણછોડજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

ખેડાના યાત્રાધામ ડાકોરમાં માઘ પૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી રહી છે અને માઘ પૂર્ણિમા પર ડાકોરમાં ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું છે. મંગળા આરતીનો ૫૦ હજારથી વધુ ભક્તો લહાવો લીધો. શણગાર આરતીમાં સોનાની પિચકારીથી કેસુડાનો છંટકાવ કરવામાં આવ્યો હતો.

સપ્ત રંગોનો ભગવાન પર છંટકાવ કરી ઉજવણી કરાઈ. ડાકોરમાં કોણ છે રાજા રણછોડ છે ના નાદથી યાત્રાધામ ડાકોર ગુંજી ઉઠ્યું. મહાસુદ પૂર્ણિમા પર ઠાકોરજીએ ચતુર્ભુજ સ્વરૂપમાં શંખચક્ર, પદ્મ ગદા, રત્ન જડિત મુગટ ધારણ કર્યો. મહાસુદપૂર્ણિમાએ લાખો શ્રદ્ધાળુઓ રાજા રણછોડજીના દર્શન કરી ધન્યતા અનુભવી. માઘ નક્ષત્રના નામ પરથી માઘ પૂર્ણિમાની ઉત્પત્તિ થઈ છે. એવું માનવામાં આવે છે કે માઘ મહિનામાં દેવતાઓ પૃથ્વી પર આવે છે અને માનવ સ્વરૂપ ધારણ કરે છે અને પ્રયાગરાજમાં સ્નાન, દાન અને જપ કરે છે. એટલા માટે કહેવાય છે કે આ દિવસે પ્રયાગરાજમાં ગંગામાં સ્નાન કરવાથી બધી મનોકામનાઓ પૂર્ણ થાય છે અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. શાસ્ત્રો અનુસાર જો માઘ પૂર્ણિમાના દિવસે પુષ્ય નક્ષત્ર હોય તો આ તિથિનું મહત્વ વધુ વધી જાય છે.

માઘ પૂર્ણિમાના દિવસે બ્રહ્મ મુહૂર્તમાં ગંગા સ્નાન કરવું જોઈએ. જો ગંગા સ્નાન શક્ય ન હોય તો તમે પાણીમાં ગંગાજળ ભેળવીને સ્નાન કરી શકો છો. સ્નાન કર્યા પછી "ઓમ નમો નારાયણ" મંત્રનો જાપ કરો. ત્યારબાદ સૂર્યદેવને અર્ઘ્ય અર્પણ કરો અને સૂર્યદેવની પૂજા કરો અને જળમાં તલ અર્પિત કરો. તે પછી પૂજા શરૂ કરો અને ચરણામૃત, પાન, તલ, મોલી, રોલી, ફળ, ફૂલ, કુમકુમ, પંચગવ્ય, સોપારી, દુર્વા વગેરે ભોગ તરીકે ચઢાવો.

મહત્વનું છે કે, અંતમાં આરતી અને પ્રાર્થના કરો. ધનની દેવી માતા લક્ષ્મીની પૂજા પૂર્ણિમાના દિવસે કરવી જોઈએ. પૂર્ણિમાના દિવસે ચંદ્રને દાન, દાન અને અર્ઘ્ય આપવું જોઈએ. આ સાથે આ દિવસે ચંદ્રના સ્રોતનો પણ પાઠ કરવો જોઈએ.

### સંતો સહિત દેશ-વિદેશના ભક્તોએ કરી ઉજવણી

# નડિયાદમાં આવેલા સંતરામ મંદિરમાં સાકરવર્ષા થઈ

પ્રતિનિધિ દ્વારા

ખેડા, તા.૫

નડિયાદમાં સંતરામ મંદિરમાં શ્રી સંતરામ મહારાજનો ૧૯૨મો સમાધી મહોત્સવ ધામધૂમ અને ભક્તિભાવપૂર્વક ઉજવાઈ રહ્યો છે.

સંતરામ મંદિરમાં સાકર વર્ષાની ઉજવણી કરવામાં આવી છે. ૧૯૨ વર્ષ પહેલા સંતરામ મહારાજે લીધેલી સમાધિની યાદમાં સાકર વર્ષાની પરંપરા આજે પણ યથાવત છે. આ પ્રસંગે ૨૦૦થી વધુ સંતો સહિત દેશ-વિદેશના ભક્તોએ ઉજવણી કરી છે.

મંદિરની પરંપરાના ભાગરૂપે દર વર્ષે માહપૂર્ણિમાના અવસરે દિવ્ય સાકરવર્ષા પ્રતિકરૂપ કરવામાં આવે છે. મહાસુદ પૂનમે મંદિરના પરિસરમાં ઢળતી સંધ્યાએ પૂ. મહારાજના હસ્તે ઉતારવામાં આવતી દિવ્ય મહાઆરતીના દર્શન કરવા શહેર સહિત સમગ્ર જિલ્લાના ભાવિક ભક્તજનો ઉમટી પડે છે. આરતી બાદ 'જય મહારાજ'ના ગગનભેદી નાદ સાથે મહારાજશ્રી તથા અન્ય શાખા મંદિરના મહંતોના હસ્તે દિવ્ય સાકરવર્ષા મહોત્સવ ઉજવાય છે. મહાપૂર્ણિમાના દિવસે વહેલી સવારે ૪.૩૦ કલાકે ધ્યાન, તિલક દર્શન ૪.૪૫ કલાકે બાદ મંગળા દર્શન સવારે ૫.૪૫ કલાકે અને સાંજે ૬ વાગ્યે દિવ્ય સાકરવર્ષા કરવામાં આવી. દિવ્ય અખંડ જ્યોત અને પાદુકાના દર્શન સવારે ૫.૪૫ થી રાત્રે ૮ વાગ્યા સુધી કરી શકાશે. લગભગ ૧૫૦૦ કિલો સાકર અને ૨૫૦૦ કિલો કોપરાની ઉછામણી કરવામાં આવી. ૧૯૨ વર્ષ પહેલાં મહા પુનમના દિવસે સંતરામ મહારાજે જીવીત સમાધી લીધી હતી ત્યારે આકાશમાંથી દેવોએ પુષ્પ વર્ષા કરી હતી એવી લોકવાયીકા છે. જેથી ૧૯૨ વર્ષથી આ સાકર વર્ષાની પરંપરા ચાલે છે. જેનો પ્રસાદ ગ્રહણ કરવા લાખો ભક્તો ઉમટતા હોય છે. વર્ષ માં એક જ વાર અહીં મંદિરમાં મહાઆરતી કરવા માં આવે છે. જેમાં આશરે ૨૦૦ જેટલા સંતો દેશ-વિદેશથી આ સાકરવર્ષામાં આવે છે.

તો દેશ-વિદેશથી હજારો ભક્તો સાકરવર્ષામાં ભાગ લેવા માટે આવે છે. આ મહાઉત્સવમાં ૧૧૦૦ મણ સાકર અને ૩૦૦ મણ કોપરું ઉછાળવામાં આવે છે. આ પ્રસંગે ત્રિદિવસીય મહા મેળાનું આયોજન કરવામાં આવે છે. ૫ દિવસમાં લગભગ ૧૦ લાખથી વધુ શ્રદ્ધાળુ સંતરામ મંદિરના દર્શન કરવા આવતા હોય છે.

# વિજાપુર APMC ચૂંટણીમાં ભાજપની પેનલનો પરાજય

પ્રતિનિધિ દ્વારા

મહેસાણા, તા.૫

વિજાપુર એપીએમસીની અતિચર્ચાસ્પદ ચૂંટણીમાં ભાજપની પેનલની હાર થઈ છે.

વિજાપુર **APMC**ની ચૂંટણીમાં પી.આઈ પટેલની પેનલની જીત થઈ, કુલ ૧૪ બેઠકમાંથી પી.આઈ.પટેલની કિસાન પેનલનો ૯ પર વિજય થયો છે. ખેડૂત વિભાગ બાદ વેપારી વિભાગમાં પણ ભાજપની પેનલની પેનલની હાર થઈ છે. ચર્ચા છે કે, ભાજપને અહી જૂથવાદ ભારે પડી ગયો ત્યારે હવે વિજાપુર એપીએમસીની ચૂંટણીનું પરિણામ જાહેર થઈ ગયુ છે ત્યારે વિજાપુર apmc ચૂંટણીમાં રમણલાલ પટેલને સત્તા મળી શકે છે. રમણલાલ પટેલ જૂથ ને ખેડૂત વિભાગની ૪, વેપારી માં ૧, ખરીદ વેચાણમાં ૨ મળી કુલ ૭ બેઠક પર જીત છે. કુલ ૭ બેઠક ઉપરાંત ૧ સ્થાનિક સંસ્થા, ૧ રજીસ્ટ્રાર અને ૧ ખેતીવાડી અધિકારી મળી કુલ ૧૦ મત સાથે સત્તા મેળવી શકે છે.

# વેપારી પાસે ૧૦ લાખની ખંડણી માંગી જાનથી મારવાની ધમકી

## નારાયણસિંહ નામના કાપડના વેપારીને વોટ્સએપમાં એક ઓડિયો ક્લિપ રેકોર્ડ કરી ધમકી આપવામાં આવી

અમદાવાદ, તા.૫

કાપડના વેપારી પાસેથી ૧૦ લાખ રૂપિયાની ખંડણી માંગી જાનથી મારી નાખવાની ધમકી આપનાર ખંડણીખોરની પોલીસે ધરપકડ કરી છે. આરોપી થોડા દિવસ અગાઉ જેલમાંથી છૂટી બહાર આવ્યો હતો અને ફરી એક વખત ગંભીર ગુનાને અંજામ આપતા પોલીસે તેની ધરપકડ કરી વધુ સખત કાર્યવાહી હાથ ધરી છે.શહેરના કૃષ્ણનગર વિસ્તારમાં રહેતા નારાયણ સિંહ રોહિત નામના કાપડના વેપારીને સોશિયલ મીડિયાના મારફતે એટલે કે વોટ્સએપ માં એક ઓડિયો ક્લિપ રેકોર્ડ કરી ધમકી આપવામાં આવી હતી.આરોપી શાહ આલમ શેખે ધમકી આપી હતી કે, સાત દિવસમાં ૧૦ લાખ રૂપિયા આપો નહીં તો પરિવારને જાનથી મારી નાખીશ. જે ધમકી મળતા વેપારીએ કૃષ્ણનગર પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો અને ખંડણી ખોરવી ફરિયાદ નોંધાવી હતી.કૃષ્ણનગર પોલીસને ધમકી આપતી ઓડિયો ક્લિપ મળતા આરોપી શાહ આલમ શેખ વિરુદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ માટેની કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં આરોપી વટવા વિસ્તારથી મળી આવતા તેને ઝડપી લેવામાં આવ્યો.ઉપરાંત તેની તપાસ કરતા હકીકત સામે આવી કે તાજેતરમાં જ મણીનગરમાં હોટલના કર્મચારી પર હુમલો કરી લૂંટ ચલાવવાના ગુનામાં તેની ધરપકડ થઈ હતી. અને જેલમાંથી છૂટા બાદ તેને વેપારીને ધમકી આપી હતી.પોલીસ તપાસમાં એ હકીકત પણ સામે આવી કે ફરિયાદી આરોપીના ભાઈ સાથે કાપડનો વેપાર કરતા હતા. પરંતુ આરોપીની વર્તણૂક અયોગ્ય હોવાથી તેની સાથે કોઈ વ્યવહાર ફરિયાદીએ કર્યો ન હતો. જેનો બદલો લેવા માટે ફરિયાદીને ધમકી આપી રૂપિયા પડાવવાની કોશિશ કરવામાં આવી. જેથી પોલીસે ખંડણી અને ધમકીની કલમો હેઠળ ગુનો નોધી ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે.